Visit Dwarkadheeshvastu.com For
FREE Vastu Consultancy, Music, Epics, Devotional Videos
Educational Books, Educational Videos, Wallpapers
****
All Music is also available in CD format. CD Cover can also be print with your Firm Name
****
We also provide this whole Music and Data in PENDRIVE and EXTERNAL HARD DISK.
Contact : Ankit Mishra (+91-8010381364, dwarkadheeshvastu@gmail.com)

****

UPYOGI VARTAO

(Gujrati)

****

વિષય – અનુક્રમણિકા

વિષય	પાના નં.
૧. ભોળો માણસ	૫
૨. સાચો કઠિયારો	૮
૩. લાલચુ રાજા	૧૨
૪. વિચાર્યા વગર કામ ના કરો.	૧૬
૫ દયાનું ફળ	૧૮
૬. પિતા અને પુત્ર	૨૦
૭. ઈશ્વર સર્વત્ર છે	૨૨
૮. મિત્રની સલાહ	૨૪
૯. સ્વર્ગનાં દર્શન	૨૭
૧૦. સૌથી મોટો પુણ્યાત્મા	૩૨
૧૧. માખીનો લોભ	૩૬
૧૨. સંપની શક્તિ	૩૮
૧૩. વૈદ્યજીને ભગાડી દીધા.	૪૦
૧૪. બે ટટ્ટુ	૪૨
૧૫. બ્રહ્માજીના બે થેલા	૪૪
૧૬. સાચી જીત	૪૬
૧૭. મૂર્ખરાજ	૫૦
૧૮. જાઓ અને આવો	૫૨
૧૯. સસલાં અને દેડકાં	૫૫
૨૦. બાદશાહ અને માળી.	૫૮
૨૧. પ્રમાણિકતાનો બદલો.	૬૦
૨૨. અતિથિ સત્કાર	૬૨
૨૩. ખેડૂત અને સારસ	૬૫
૨૪. સારસની શિખામણ	૬૭
૨૫. ઉપકારનો બદલો	૭૦
૨૬. કપટી ગધેડો	૭૨
૨૭. લાલચુ વાંદરો	૭૪
૨૮. લાલચુ કુતરો	૭૬
૨૯. બિલાડી અને વાંદરો.	૭૭
૩૦. વાઘ-ચિત્તો લડ્યા, શિયાળે હરણ ખાધું	૭૯
૩૧. જૂઠું બોલવાનું ફળ	૮૧
૩૨. કાચબો અને સસલો.	૮૩
૩૩. કૂતરાની ભૂલ	૮૬
૩૪. સાચાં હરણો	૮૮
૩૫. બીજા પર આધાર ન રાખો	૯૧
૩૬. મિથ્યા અભિમાનનું પરિણામ	૯૪

શ્રીહરિઃ

૧. ભોળો માણસ

એક ધનવાન માણસે એક મંદિર બનાવડાવ્યું. મંદિરમાં ભગવાનની પૂજા માટે એક પૂજારી રાખ્યો. મંદિરના નિભાવ-ખર્ચ માટે ઘણી ખરી જમીન, ખેતર તથા બગીચા મંદિરના નામે કરી દીધાં. આ ધનવાન માણસે એવી સરસ વ્યવસ્થા કરી કે મંદિરમાં જે કોઈ ભૂખ્યા-તરસ્યા, ગરીબ-દુઃખી માણસો તથા સાધુ-સંતો આવે, તેઓ મંદિરમાં બે ચાર દિવસ રોકાય અને ભોજન માટે ભગવાનનો પ્રસાદ મળ્યા કરે. હવે આ ધનવાન માણસને એક એવા માણસની જરૂર પડી કે જે મંદિરની સઘળી માલ-મિલકતની બરાબર સંભાળ રાખે અને સાથે સાથે મંદિરનાં બધાં કામો પણ સારી રીતે ચલાવતો રહે.

આ મંદિર માટે મેનેજરની જરૂર છે તેમ જાણીને ઘણા લોકો આ ધનવાન માણસને મળવા આવવા માંડ્યા. આ લોકોને ખબર હતી કે જો મંદિરની વ્યવસ્થાનું કામ મળી જાય તો સારો પગાર મળશે-તથા બીજી ઘણીખરી સગવડ. પરંતુ આ ધનવાન માણસ બહુજ શાણો હતો. તે જે કોઈ મેનેજરની જગા માટે મળવા આવે તેને કહેતો કે—"મને તો એક ભલો માણસ મેનેજર માટે જોઈએ છે, હું તેને મારી મેળે શોધી કાઢીશ. તમારે બધાને આ જગા માટે તસ્દી લેવાની જરૂર નથી."

ધનવાન માણસનું આવું વલણ જોઈને ઘણા લોકો મનમાં ને મનમાં તેને ગાળો દેતા હતા. ઘણા લોકો તેને મૂર્ખ અને પાગલમાં ખપાવતા હતા. પરંતુ આ ધનવાન માણસ કોઈની વાત પર ધ્યાન આપતો નહિ. જ્યારે મંદિરનું દ્વાર ખુલે કે લોકો ભગવાનનાં દર્શન

માટે આવતા હતા. ત્યારે આ ધનવાન માણસ પોતાના ઘરની અગાશીમાં બેસીને મંદિરમાં દર્શન કરવા આવનાર લોકોનું ચુપચાપ છાનોમાનો બારીક ધ્યાન રાખતો હતો.

એક દિવસ એક માણસ મંદિરમાં દર્શન કરવા આવ્યો. તેનાં કપડાં મેલાં અને ફાટેલાં હતાં. તે કંઈ બહુ ભણ્યો-ગણ્યો હોય તેવું પણ તેના હાલ પરથી જણાતું ન હતું. જ્યારે તે ભગવાનનાં દર્શન કરીને મંદિરમાંથી બહાર જતો હતો ત્યારે ધનવાન માણસે તેને પોતાની પાસે આદરથી બોલાવ્યો અને તેને કહ્યું-"શું આપશ્રી આ મંદિરની વ્યવસ્થા તથા સંભાળ રાખવાનું કામ સ્વીકારશો ?"

તે માણસ બહુજ આશ્ચર્યમાં પડી ગયો. તેણે કહ્યું-"હું બહુ ભણેલો-ગણેલો માણસ નથી કે જેથી હું આવડા મોટા મંદિરનો કાર્યભાર સંભાળી શકું ?" ધનવાન પુરુષે કહ્યું - "મને બહુ મોટો વિદ્વાન જોઈતો નથી. હું તો એક ભલા માણસને આ મંદિરનો વ્યવસ્થાપક બનાવવા માગું છું."

તે માણસે કહ્યું - "આપશ્રીએ આટલા બધા માણસોમાંથી ફકત મને જ ભલો માણસ કેવી રીતે માની લીધો ?"

ધનવાન માણસે કહ્યું - "મને ખબર છે કે આપશ્રી ભલા માણસ છો. મંદિરના રસ્તામાં એક ઈંટનો ટુકડો જમીનમાં દટાઈ ગયેલો અને આ ઈંટનો એક ખુણો ઉપર નીકળેલો હતો. ઘણા દિવસોથી હું જોતો હતો કે તે ઈંટના ટુકડાનો ખુણો વાગવાથી લોકોને ઠોકર લાગતી હતી. લોકો પડતા, લથડતા અને ઉઠીને ચાલ્યા જતા. મેં બરાબર જોયું કે આપને તે ઈંટના ટુકડાથી ઠોકર લાગી નહિ, છતાં પણ આપશ્રીએ તે દટાઈ ગયેલી ઈંટના ખુણાને જોઈને તેને ઉખાડી નાખવા માટે પ્રયત્ન કર્યો. હું બરાબર જોતો હતો કે આપશ્રી મારા મજૂર પાસેથી પાવડો

માગીને લઈ ગયા અને તે ટુકડાને ખોદીને ફેંકી દીધો તથા ત્યાંની જમીનને બરાબર કરી દીધી.''

તે માણસે કહ્યું - ''આ કોઈ મોટી વાત નથી. રસ્તામાં પડેલા

કાંટા, કાંકરા તથા ઠોકર લાગે તેવા પત્થરો તથા ઈંટોને રસ્તામાંથી હટાવીને દૂર કરી દેવા તે તો દરેક માણસની નૈતિક ફરજ છે.''

ધનવાન માણસે કહ્યું - ''પોતાની ફરજ સમજીને તેનું યોગ્ય પાલન કરનાર લોકો જ ભલા માણસો હોય છે.''

આવો સીધો સાદો પણ પોતાની ફરજ સમજનાર માણસ મંદિરનો મેનેજર બની ગયો અને તેણે મંદિરનો કાર્યભાર સંભાળીને મંદિરમાં સુંદર વ્યવસ્થા ગોઠવીને મંદિરનો વહીવટ બહુજ સારી રીતે ચલાવ્યો.

૨. સાચો કઠિયારો

મંગલ બહુજ સીધો સાદો અને સાચો કઠિયારો હતો. તે બહુજ ગરીબ હતો. આખો દિવસ તે જંગલમાં સુકાં લાકડાં કાપતો અને સાંજ પડે કાપેલાં લાકડાંની ભારી બાંધીને બજારમાં જતો. લાકડાં વેચીને જે પૈસા મળતા, તેમાંથી તે આટો, મીઠું વગેરે ખરીદીને ઘરે પાછો આવતો હતો. આ કમાણીમાંથી તે પોતાનું તથા પરિવારનું ગુજરાન ચલાવતો. તેને પોતાની મહેનતની કમાણીથી પૂરો સંતોષ હતો. એક દિવસ મંગલ લાકડાં કાપવા માટે જંગલમાં ગયો. એક નદીના કિનારે આવેલા એક ઝાડની સૂકી ડાળી કાપવા માટે તે ઝાડ પર ચઢી ગયો. બન્યું એવું કે ઝાડની ડાળી કાપતાં તેની કુહાડી હાથામાંથી ઢીલી થઈને નીકળી ગઈ અને નદીમાં પડી ગઈ. મંગલ ઝાડ પરથી નીચે ઉતર્યો. પોતાની કુહાડી શોધવા માટે તેણે નદીના પાણીમાં ઘણી વાર ડૂબકી મારી, પરંતુ તેને કુહાડી જડી નહિ. આથી મંગલ દુઃખી થઈને નદીના કિનારે પોતાના બે હાથથી માથું પકડીને બેસી ગયો. તેની આંખોમાંથી આંસુ વહેવા લાગ્યાં. તે બહુજ રડ્યો કારણ કે તેની પાસે આવી બીજી કુહાડી ખરીદવા માટે પૈસા જ ન હતા. કુહાડી સિવાય અને લાકડાં કાપ્યા વિના તે પોતાના કુટુંબનું ભરણપોષણ કેવી રીતે કરશે, તેની ચિંતા તેને બહુ સતાવી રહી હતી.

મંગલની આવી દુઃખી સ્થિતિ જોઈને વનદેવતાને મંગલ પર બહુજ દયા આવી ગઈ. વન દેવતા એક બાળકના રૂપમાં તેની સામે પ્રગટ થઈ બોલ્યા-"ભાઈ ! તમે કેમ રડો છો ?"

મંગલે વનદેવતાને પ્રણામ કર્યા અને કહ્યું - "મારી કુહાડી નદીના પાણીમાં પડી ગઈ. હવે હું કુહાડી વગર લાકડાં કેવી રીતે

કાપીશ અને મારાં બાલ-બચ્ચાંને કેવી રીતે ખવડાવીશ ?''

વન દેવતાએ કહ્યું - ''રડો નહિ ! નદીના પાણીમાંથી તમારી કુહાડી કાઢી આપું છું.''

વન દેવતાએ પાણીમાં ડૂબકી મારી અને એક સોનાની કુહાડી



લઈને બહાર આવ્યા. તેમણે કહ્યું - ''ભાઈ ! તમે તમારી કુહાડી લ્યો.''

મંગલે પોતાનું માથું ઊંચું કરીને જોયું અને કહ્યું - ''આ તો કોઈ મોટા માણસની કુહાડી છે. હું તો એક ગરીબ માણસ છું.

સોનાની કુહાડી બનાવવા માટે મારી પાસે આટલું બધું સોનું ક્યાંથી આવે ! આ તો સોનાની કુહાડી છે."

વન દેવતાએ બીજી વાર ડૂબકી મારી અને નદીના પાણીમાંથી ચાંદીની કુહાડી લઈને બહાર આવ્યા અને મંગલને આપવા લાગ્યા. મંગલે કહ્યું - "મહારાજ ! મારું નસીબ ફૂટેલું છે. આપશ્રીએ મારા માટે બહુજ કષ્ટ ઉઠાવ્યું, પરંતુ મારી કુહાડી મળી નહિ. મારી કુહાડી ખરેખર તો સાધારણ લોઢાની છે."

વનદેવતાએ ત્રીજીવાર ડૂબકી મારી અને મંગલની લોઢાની કુહાડી લઈને બહાર આવ્યા. આ જોઈને મંગલ બહુજ ખુશ થયો. મંગલે વન દેવતાને ધન્યવાદ આપીને પોતાની કુહાડી લઈ લીધી. વનદેવતા મંગલની સચ્ચાઈ તથા ઈમાનદારીથી બહુજ ખુશ થયા. તેઓએ કહ્યું - "હું તમારી પ્રમાણિકતાથી બહુજ પ્રસન્ન થયો છું માટે તમે આ બે કુહાડીઓ પણ તમારી સાથે લેતા જાઓ."

સોનાની અને ચાંદીની કુહાડી મળવાથી મંગલ બહુજ ધનવાન થઈ ગયો. હવે તેને લાકડાં કાપવા માટે જંગલમાં જવાની જરૂર ન રહી. તેથી તેના પાડોશી મનુએ મંગલને પૂછયું, "મંગલ ! હવે તમે લાકડાં કાપવા માટે જંગલમાં કેમ જતા નથી ?" સીધા-સાદા સ્વભાવના મંગલે બધી જ વાત સાચેસાચી કહી દીધી. લાલચુ મનુ મને પણ સોના તથા ચાંદીની કુહાડી મળશે તેવા લોભથી પોતાની કુહાડી લઈને જંગલમાં ગયો. તેણે પણ તેજ ઝાડ પરથી લાકડાં કાપીને ભેગાં કરવા માટે શરૂઆત કરી. જાણી જોઈને મનુએ પોતાની કુહાડી નદીના પાણીમાં પાડી નાખી અને ઝાડ પરથી નીચે ઊતરીને રોવા લાગ્યો.

વનદેવતા મનુને તેની લાલચનો દંડ દેવા માટે ફરી પ્રગટ થયા. મનુને પૂછીને વનદેવતાએ નદીના પાણીમાં ડૂબકી મારીને

સોનાની કુહાડી બહાર કાઢી. સોનાની કુહાડી જોતાં જ તે બરાડ્યો- "આ જ મારી કુહાડી છે."

વનદેવતાએ કહ્યું - "તું જૂઠું બોલે છે. આ તારી કુહાડી નથી." વનદેવતાએ સોનાની કુહાડી પાણીમાં ફેંકી દીધી અને પોતે અલોપ થઈ ગયા. ખોટી લાલચમાં પડવાથી મનુની પોતાની કુહાડી પણ ખોવાઈ ગઈ. તે રડતો-રડતો અને પસ્તાતો પોતાના ઘેર પાછો આવ્યો.

બાળ મિત્રો ! આ વાર્તામાંથી આપણે એવો બોધ લઈએ કે–

આપણે હંમેશાં સાચું બોલવું જોઈએ.

૩. લાલચુ રાજા

યુરોપ ખંડમાં ગ્રીસ નામનો એક દેશ છે. તે દેશમાં પુરાતન સમયમાં મીદાસ નામનો એક રાજા રાજ્ય કરતો હતો. આ રાજા મીદાસ બહુજ લાલચુ હતો. પોતાની પુત્રીને છોડીને સંસારમાં તેને માત્ર સોનું જ બહુજ વ્હાલું હતું. તેને સોના પર એટલો બધો પ્રેમ હતો કે રાત્રે તે સૂતાં સૂતાં પણ બહુજ સોનું એકઠું કરતો હોય એવાં સ્વપ્નો જોતો હતો.

એક દિવસ રાજા મીદાસ પોતાના ખજાનામાં બેસીને સોનાની પાટો તથા સોનામહોરો ગણી રહ્યો હતો. એવામાં અચાનક ત્યાં આગળ એક દેવદૂત આવ્યો. તેણે રાજાને કહ્યું - "મીદાસ ! તમે બહુજ ધનવાન છો."

મીદાસે વીલા મોંઢે જવાબ આપ્યો - "હું ક્યાં ધનવાન છું. મારી પાસે તો આ બહુજ થોડું સોનું છે."

દેવદૂતે કહ્યું - "તમને આટલાબધા સોનાથી પણ સંતોષ નથી ? તમારે કેટલું સોનું જોઈએ ?"

રાજાએ કહ્યું - "હું તો એવું ચાહું છું કે જે વસ્તુને મારા હાથથી સ્પર્શ કરું તે સોનાની બની જાય."

દેવદૂત હસ્યા અને બોલ્યા-"સારી વાત ! કાલ સવારથી તમે જે કોઈ વસ્તુને અડકશો, તે સોનાની થઈ જશે."

તે દિવસે રાત્રે રાજા મીદાસને ઊંઘ આવી નહિ. વહેલી સવારે તે ઊઠી ગયો. તેણે એક ખુરશી પર હાથ રાખ્યો, તો તે સોનાની

બની ગઈ. તે એક ટેબલને અડક્યો તો ટેબલ પણ સોનાનું બની ગયું. મીદાસની ખુશીનો પાર રહ્યો નહિ. તે ખુશીમાં ને ખુશીમાં આનંદ વિભોર થઈને ઉછળવા માંડ્યો અને નાચવા લાગ્યો. તે એક પાગલની માફક દોડતો દોડતો પોતાના બગીચામાં ગયો અને બધાં ઝાડોને અડકવા લાગ્યો. તે ઝાડનાં ફૂલ, પત્તાં, ડાળીઓ, ફૂલઝાડનાં કુંડાંને પણ તે અડક્યો, બધુ જ સોનું બની ગયું. તે જે જે વસ્તુઓને અડક્યો તે એકદમ સોનાની બનીને ઝગઝગાટ ચમકવા લાગી.

હવે મીદાસની પાસે સોનાનો પાર રહ્યો નહિ.

આનંદમાં ને આનંદમાં દોડતો-ઉછળતો મીદાસ થાકી ગયો. તેને હજુ સુધી ખબર પણ ન હતી કે તેણે પહેરેલાં કપડાં પણ સોનાનાં બનીને બહુજ ભારે થઈ ગયાં હતાં. હવે તેને પાણીની તરસ લાગી અને ભૂખ પણ લાગી હતી. બગીચામાંથી પોતાના રાજમહેલમાં પાછો આવીને તે એક સોનાની ખુરશી પર બેસી ગયો. એક નોકરે તેની આગળ ભોજન અને પાણી લાવીને રાખ્યાં. પરંતુ જ્યાં મીદાસે ભોજનને હાથ લગાડ્યો, તો બધી જ ભોજનની વસ્તુઓ સોનાની બની ગઈ. પાણી પીવા માટે પાણી ભરેલો પ્યાલો હાથમાં લીધો તો પ્યાલો તથા પાણી પણ સોનાનાં થઈ ગયાં. મીદાસે જોયું તો તેની સામે સોનાની રોટલીઓ, સોનાની દાળ, સોનાનો ભાત, સોનાની શાકભાજી વગેરે બધું જ સોનાનું હતું. આવા સંજોગોમાં તે ભૂખ્યો અને તરસ્યો રહ્યો. કારણ કે સોનું ચાવીને તે પોતાની ભૂખ-તરસ કેવી રીતે શાંત કરી શકે ? મીદાસ રડી પડ્યો, ખૂબ રડ્યો. આ વખતે તેની દીકરી રમતાં રમતાં ત્યાં આવી. પોતાના પિતાને રડતા જોઈને તે તેમના ખોળામાં બેસીને તેનાં આંસુ લૂછવા લાગી. મીદાસે

પોતાની વ્હાલી દીકરીને પોતાની છાતીએ લગાવી દીધી. પરંતુ હવે તેની પુત્રીનું અસ્તિત્વ જ મટી ગયું. મીદાસના ખોળામાં તેની દીકરી

તેના વજન જેટલી સોનાની મૂર્તિ બની ગઈ. મીદાસ પોતાની ગોદમાંથી તે મૂર્તિને બાજુ પર મૂકી શક્યો નહિ. બિચારો મીદાસ માથું કૂટી કૂટીને રડવા લાગ્યો. આ જોઈને દેવદૂતને દયા આવી ગઈ. તે ફરીથી પ્રગટ થયા. દેવદૂતનાં દર્શન થતાં જ મીદાસ તેના

પગમાં પડી ગયો અને બહુજ ગળગળો થઈને પ્રાર્થના કરવા લાગ્યો કે આપ આપનું વરદાન પાછું લઈ લ્યો.

દેવદૂતે પૂછયું-"મીદાસ ! શું હવે તમને સોનું જોઈતું નથી ? મીદાસ ! તમેજ બતાવો કે એક ગ્લાસ પાણીની કિંમત વધારે કે એક સોનાના ગ્લાસની ? રોટલીનો એક ટુકડો સારો કે સોનું ?"

મીદાસે બહુજ નમ્રતાથી પોતાના બન્ને હાથ જોડીને કહ્યું - "મને સોનું જોઈતું નથી. હવે મને ખબર પડી ગઈ કે માણસને ખરેખર સોનાની જરૂર નથી. સોના વગર માણસનું કોઈ પણ કામ અટકતું નથી. પરંતુ એક ગ્લાસ પાણી તથા રોટલીના ટુકડા વગર માણસનું કામ ચાલી શકે નહિ. હવે હું સોનાનો લોભ કરીશ નહિ."

દેવદૂતે મીદાસ ઉપર દયા લાવીને એક વાટકીમાં પાણી આપ્યું અને કહ્યું - "આ પાણીને જે બધી વસ્તુઓ સોનાની બની ગઈ છે તેના પર છાંટી દો."

રાજા મીદાસે દેવદૂતે દીધેલ તે પવિત્ર પાણી પોતાની પુત્રી પર, ટેબલ પર, ખુરશી પર, ભોજન, પાણીના ગ્લાસ તથા બગીચાનાં ઝાડ તથા બગીચાની બધી જ સોનાની વસ્તુઓ પર છાંટી દીધું. અને હવે બધી જ વસ્તુઓ જેવી પહેલાં હતી તેવી થઈ ગઈ.

૪. વિચાર્યા વગર કામ ના કરો.

એક ખેડૂતે એક નોળીયો પાળ્યો હતો. આ નોળીયો બહુજ ચતુર અને માલિકનો વફાદાર સેવક હતો. એક દિવસ ખેડૂત ક્યાંક ગયો હતો. તેવામાં ખેડૂતની સ્ત્રીએ પોતાના નાના બાળકને દૂધ પીવડાવી જમીન પર કપડા પર સુવાડી દીધું, એને નોળીયાને ત્યાં છૂટો રાખીને ઘડો અને દોરડું લઈને પાણી ભરવા કુવા પર ચાલી ગઈ.

એવામાં બન્યું એવું કે ખેડૂતની સ્ત્રી બહાર ગયા પછી ત્યાં આગળ દરમાંથી એક કાળો નાગ સડસડાટ આવી રહ્યો હતો. નોળીયાની નજર જેવી નાગ પર પડી કે તે નાગ પર તૂટી પડ્યો. તેણે નાગને કાપી-કાપીને તેના ટુકડા કરી નાખ્યા અને ઘરના દરવાજે નોળીયો ખેડૂતની સ્ત્રીની રાહ જોવા લાગ્યો.

ખેડૂતની સ્ત્રી ઘડો ભરીને પાછી આવી. તેણે ઘરની બહાર દરવાજામાં નોળીયાને જોયો. નોળીયાનું મોઢું લોહીવાળું જોઈને તેણીને એમ લાગ્યું કે નોળીયાએ તેની ગેરહાજરીમાં તેના બાળકને કરડીને મારી નાખ્યું છે. આથી દુઃખ અને ક્રોધથી ભરેલી તે સ્ત્રીએ નોળીયા ઉપર ભરેલો ઘડો પછાડ્યો. બીચારો નોળીયો કચડાઈને મરી ગયો.

ત્યારબાદ તે સ્ત્રી દોડીને ઘરમાં આવી ત્યારે તેણીએ જોયું કે તેનું બાળક તો શાંતિથી સૂતું હતું, પરંતુ ત્યાં આગળ એક મરી ગયેલા કાળા નાગના તાજા ટૂકડા પડ્યા હતા. ખેડૂતની સ્ત્રીને પોતાની ભૂલની ખબર પડી ગઈ. તેણી પાછી ફરીથી દોડીને નોળીયા પાસે આવી અને

મરેલા નોળીયાને પોતાની ગોદમાં લઈને બહુજ રડવા લાગી પરંતુ હવે રોવાથી અને પસ્તાવાથી શો ફાયદો ? એટલા માટે કહેવાય છે કે

વગર વિચારે જે કરે, તે પાછળ પસ્તાય,
કામ બગાડે આપણું, જગમાં મૂર્ખ ગણાય.

❀ ❀ ❀

૫. દયાનું ફળ

એક સુબુક્તગીન નામે બાદશાહ હતો જે પહેલાં બહુજ ગરીબ હતો. તે એક સાધારણ સૈનિક હતો. એક દિવસ તે બંદૂક લઈને ઘોડા-પર બેસીને જંગલમાં શિકાર કરવા ગયો. તે દિવસે તેને જલદી શિકાર નહિ મળવાથી બહુજ દોડવું પડ્યું ને તેથી તે હેરાન થઈ ગયો. બહુજ દૂર ગયા પછી તેણે એક હરણીને પોતાના બચ્ચા સાથે જોઈ. સુબુક્તગીને તેની પાછળ તેજીથી ઘોડો દોડાવ્યો.

હરણી ગભરાઈને એકદમ ભાગીને ઝાડીમાં છુપાઈ ગઈ. પરંતુ તેનું નાનું બચ્ચું પાછળ રહી ગયું. સુબુક્તગીને હરણીના બચ્ચાને દોડીને પકડી લીધું અને તેના પગ બાંધીને તેને પોતાની સાથે ઘોડા પર લઈ લીધું. ત્યાર બાદ સુબુક્તગીને બહુજ શોધવા છતાં પણ તેને હરણી દેખાઈ નહિ તેથી તે માત્ર હરણના બચ્ચાને પોતાની સાથે લઈને ત્યાંથી પાછો વળી ગયો.

હરણીએ દૂરથી જોયું કે શિકારી તેના બચ્ચાને બાંધીને પોતાની સાથે લઈ જાય છે. તેથી પોતાના બચ્ચાના મોહથી ઝાડીમાંથી બહાર આવી ગઈ અને સુબુક્તગીનના ઘોડાની પાછળ દોડવા લાગી. દૂર ગયા બાદ સુબુક્તગીને પાછળ જોયું તો હરણી તેજીથી તેની પાછળ પાછળ દોડતી આવતી હતી. આથી તેને બહુજ આશ્ચર્ય થયું અને હરણી ઉપર દયા આવી ગઈ. સુબુક્તગીને હરણીના બચ્ચાના બાંધેલા પગ છોડી નાખ્યા અને બચ્ચાને ઘોડા ઉપરથી નીચે ઉતારી દીધું. આથી હરણી ખુબ ખુશ થઈને પોતાના

બચ્ચાને લઈને ભાગી ગઈ.

ઘેર પાછા આવીને તે દિવસે સુબુક્તગીન સૂઈ ગયો ત્યારે રાત્રે તેને એક સ્વપ્ન આવ્યું. કોઈ દેવદૂત તેને કહેતો હતો કે "સુબુક્તગીન ! તેં આજે એક ગરીબ હરણી પર જે દયા કરી છે. તેનાથી ભગવાને બહુજ પ્રસન્ન થઈને તારું નામ મોટા બાદશાહોની

યાદીમાં લખી નાખ્યું છે. તું એક દિવસ બહુજ મોટો બાદશાહ બનીશ."

સુબુક્તગીનનું સ્વપ્નું સાચું પડ્યું. તે સમય જતાં એક મોટો બાદશાહ બન્યો. માત્ર એક હરણી પર દયા કરવાથી પરમેશ્વરે તેને આવડું મોટું ફળ આપ્યું. જે વ્યક્તિ પ્રાણીમાત્ર પર દયા કરે છે, તેની ઉપર ભગવાન અવશ્ય બહુજ પ્રસન્ન થાય છે.

૬. પિતા અને પુત્ર

એક યુવાન પિતા પોતાના નાના પુત્રને ખોળામાં લઈને બેઠો હતો. તેવામાં ઉડતો ઉડતો એક કાગડો આવીને તેની સામે છાપરા પર બેસી ગયો. દીકરાએ બાપાને પૂછયું-"આ શું છે ?"

પિતા - "કાગડો છે."

પુત્રે ફરીથી પૂછયું - 'પિતાજી ! આ શું છે ?'
પિતાએ ફરીથી જવાબમાં કહ્યું - "કાગડો છે."

આવી રીતે પુત્ર વારંવાર પૂછતો રહ્યો - "આ શું છે ?"
પિતાએ સ્નેહથી વારંવાર જવાબમાં કહ્યું - "કાગડો છે."

કેટલાક વર્ષો બાદ પુત્ર મોટો થયો અને પિતા ઘરડા થઈ ગયા. એક દિવસ પિતા ચટાઈ પર બેઠા હતા. તેવામાં ઘરમાં તેના પુત્રને મળવા માટે કોઈ આવ્યું. પિતાએ પુત્રને પૂછયું - "કોણ આવ્યું છે ?"

પુત્રે આવનાર વ્યક્તિનું નામ બતાવી દીધું. થોડીક વાર પછી કોઈ બીજી વ્યક્તિ પુત્રને મળવા આવી ત્યારે પિતાએ ફરીથી પૂછયું. આ વખતે પુત્રે ખીજાઈ જઈને પિતાને કહ્યું–"તમે ચુપચાપ કેમ પથારીમાં પડી રહેતા નથી. આપની કોઈ જવબાદારી નથી, તેથી આપને કંઈ કરવાનું રહેતું નથી. તો કોણ આવ્યું ? કોણ ગયું ? આવી રીતે આખો દિવસ ખોટી પંચાત કર્યા કરો છો."

આ વાત ઉપર પિતાએ ઊંડો શ્વાસ લીધો. પોતાના બે હાથે માથું પકડી લીધું, અને બહુજ દુઃખભર્યા અવાજમાં ધીરે ધીરે પિતાજી કહેવા લાગ્યા, "હું એકવાર પૂછું છું, તો તું ગુસ્સે થઈ જાય છે, જ્યારે બાળપણમાં તેં મને સો વાર એક બાબતમાં પૂછયું, 'આ શું છે ?' હું તારી પર કદાપિ ખીજાયો નહિ. તેં મને જેટલી વાર પૂછયું તેટલીવાર મેં તને પ્રેમથી કહ્યું–કાગડો છે."

જે લોકો પોતાના માતા-પિતાની સેવા કરવાને બદલે તેમનો તિરસ્કાર કરે છે અને તેમની તરફ ઘૃણાજનક વર્તન કરે છે, તેઓને બહુજ ખરાબ માનવામાં આવે છે.

તમે હંમેશાં ધ્યાનમાં રાખો કે તમારા માતા-પિતાએ તમને ઉછેરીને મોટા કરવામાં, ભણાવવામાં, તમારું ભરણ-પોષણ કરવામાં ઘણી જ મુસીબતો ઉઠાવીને કેટલા સ્નેહથી તમારું પાલન કર્યું છે. મા-બાપના ઉપકારનો બદલો કદાપિ વાળી શકાય નહિ.

૭. ઈશ્વર સર્વત્ર છે.

દાતાદીન પોતાના દીકરા ગોપાલને હરરોજ સાંજે સૂતાં પહેલાં વાર્તાઓ સંભળાવતો હતો. એક દિવસ દાતાદીને ગોપાલને કહ્યું - "બેટા ! એક વાત તારે કદાપિ ભૂલવી જોઈએ નહિ કે ઈશ્વર હરેક જગાએ છે."

ગોપાલે આગળ-પાછળ જોઈને પૂછયું-"પિતાજી ! ભગવાન બધી જ જગાએ છે ? તો તે મને કેમ ક્યાંય દેખાતા નથી ?"

દાતાદીને કહ્યું - "આપણે ભગવાનને જોઈ શકતા નથી, પરંતુ ભગવાન સર્વત્ર વાસ કરે છે, અને આપણાં બધાં જ કામોને તે દેખે છે."

ગોપાલે પોતાના પિતાજીની વાત બરાબર યાદ રાખી. થોડાક દિવસ પછી દુકાળ પડ્યો. વરસાદ નહિ પડવાથી દાતાદીનના ખેતરમાં કંઈ જ પાક્યું નહિ. એક દિવસ દાતાદીન ગોપાલને પોતાની સાથે લઈને રાત્રીના અંધારામાં ગામથી બહાર ગયો. તેની દાનત ખરાબ હતી. કારણ કે એક બીજા ખેડૂતના ખેતરમાંથી અનાજ કાપીને તેની એક ગાંસડી બાંધીને પોતાના ઘરે લાવવા માગતો હતો. ગોપાલને ખેતરના છીંડા પર ઊભો રાખીને કહ્યું- તું ચારે બાજુ બરાબર નજર રાખ. કોઈ પણ તારી તરફ આવતું જણાય તો તરત મને ધીમેથી ખબર આપજે.

જેવો દાતાદીન બીજા ખેડૂતના ખેતરમાં અનાજ કાપવા માટે બેઠો કે ગોપાલે તરત કહ્યું - પિતાજી ! થોભો !

દાતાદીને પૂછયું - "શું કોઈ આપણને દેખે છે ?"

ગોપાલ - "હા, દેખે છે."

દાતાદીન ત્યાંથી ઊભો થઈને ખેતરના છીંડા પર આવ્યો. તેણે ચારે બાજુએ નજર ફેંકી. જ્યારે દાતાદીનને કોઈ જ પણ દેખાયું નહિ ત્યારે તેણે પોતાના પુત્રને પૂછયું - "કેમ ? કોણ દેખે છે ?"

ગોપાલ–"આપશ્રીએજ મને કહેલું કે ઈશ્વર સર્વત્ર એટલે હરેક સ્થળમાં હાજર છે અને તે આપણાં બધાં જ કામને દેખે છે. જો આમજ હોય તો આપશ્રીને બીજાના ખેતરમાંથી આનાજ કાપતા શું નહિ દેખે ?" દાતાદીન પુત્રની વાત સાંભળીને બહુજ શરમાઈને ભોંઠો પડી ગયો. ચોરી કરવાનો વિચાર છોડી દઈને તે પોતાના ઘેર પાછો ફર્યો અને આ રીતે ચોરી કરવાના પાપમાંથી બચી ગયો.

❀ ❀ ❀

૮. મિત્રની સલાહ

દુર્ગાદાસ એક ધનવાન ખેડૂત હતો, પરંતુ તે બહુજ આળસુ હતો. પોતાના ખેતરો તથા ખળામાં શું હાલ છે તે જોવાની તસ્દી પણ લેતો નહિ. પોતાની ગાયો તથા ભેંસો ક્યાં ચરે છે, ફરે છે તેની પણ તે દરકાર રાખતો નહિ, અને પોતાના ઘરના માલ-સામાનની બરાબર સંભાળ રાખતો નહિ. બધું જ કામ તેણે નોકરોના ભરોંસે છોડી દીધેલું. તેની આળસ અને બેદરકારીથી તેના સારા ઘરની વ્યવસ્થા બગડી ગઈ. તેને ખેતીમાં નુકસાન થવા લાગ્યું. ગાયોના દૂધ તથા ઘીમાંથી પણ તેને કોઈ ફાયદો થયો નહિ.

એક દિવસ દુર્ગાદાસના મિત્ર હરિશ્ચન્દ્ર તેના ઘેર આવ્યા. હરિશ્ચન્દ્રે દુર્ગાદાસના ઘરના હાલ જોયા. હરિશ્ચન્દ્રે સમજી લીધું કે સમજાવવાથી દુર્ગાદાસ આળસુ સ્વભાવ છોડશે નહિ. એટલા માટે પોતાના મિત્ર દુર્ગાદાસ પર ભલાઈ કરવા માટે તેણે કહ્યું- "મિત્ર દુર્ગાદાસ ! તમારી આવી ખરાબ પરિસ્થિતિ જોઈને મને બહુજ દુઃખ થાય છે. તમારી ગરીબાઈ દૂર કરવાનો એક બહુજ સરળ ઉપાય હું જાણું છું."

દુર્ગાદાસ-"મિત્ર ! મારી ઉપર કૃપા કરીને તે ઉપાય મને બતાવો, હું જરૂર તે કરીશ."

હરિશ્ચન્દ્ર - "બધાં પક્ષિયો જાગે તે પહેલાં માનસરોવર પર રહેનાર એક સફેદ હંસ પૃથ્વી પર આવે છે અને બપોર થતાં તે પાછો જતો રહે છે. ખરેખર મને ખબર નથી કે તે ક્યારે-ચોક્કસ સમયે અને ચોક્કસ સ્થળે આવશે, પરંતુ જે કોઈ તેનાં દર્શન કરી લે, તેને કોઈ જ વાતની કમી રહેતી નથી."

દુર્ગાદાસ–"ગમે તે થાય પણ હું તે હંસનાં દર્શન અવશ્ય કરીશ."

હરિશ્ચન્દ્ર આ પ્રમાણે સલાહ આપીને ચાલ્યો ગયો. દુર્ગાદાસ બીજા દિવસે સવારમાં બહુજ વહેલો ઊઠ્યો. તે પોતાના ઘરથી બહાર ગયો અને હંસની શોધમાં સીધો જ પોતાના ખળામાં ગયો. ત્યાં જતાં જ તેણે જોયું કે એક માણસ દુર્ગાદાસના ઢગલાના ઘઉં પોતાના ઢગલામાં નાખતો હતો ! દુર્ગાદાસને જોઈને તે શરમાઈ ગયો અને માફી માગવા લાગ્યો.

ખળામાંથી સીધો જ તે ઘેર પાછો આવ્યો અને ગૌશાળામાં ગયો. ત્યાં રખેવાળ-ગોવાળ ગાયનું દૂધ દોહીને પોતાની સ્ત્રીના



લોટામાં ભરતો હતો. દુર્ગાદાસે તેનો ઉધડો લીધો અને કહ્યું કે મારું દૂધ તારી બૈરીના લોટામાં કેમ નાખે છે ? ઘરમાં થોડીક વાર રોકાઈને નાસ્તો પાણી કરીને ફરીથી તે હંસની શોધમાં ઘેરથી બહાર

ગયો અને સીધો જ પોતાના ખેતરે પહોંચ્યો ત્યાં જઈને તેણે જોયું કે હજુ સુધી મજૂરો કામ માટે ખેતરમાં જ નહોતા આવ્યા. તે થોડીક વાર રોકાયો અને જ્યારે મજૂરો નિયત સમયથી મોડા આવ્યા ત્યારે તેણે મજૂરોને મોડા આવવા માટે બરાબર ઠપકો આપ્યો.

આવી રીતે દુર્ગાદાસ જ્યાં જ્યાં ગયો ત્યાં તેને કોઈને કોઈ ગરબડને લીધે જ નુકસાન ભોગવવું પડતું હતું તે બધું જ અટકી ગયું.

ધોળા હંસની શોધમાં દુર્ગાદાસ હરરોજ સવારમાં વહેલો ઉઠીને ફરવા જવા લાગ્યો. તેના નોકરોને પણ ખબર પડી કે હવે દુર્ગાદાસ આળસુ રહ્યો નથી, તેથી તેઓ બધા જ બરાબર કામ કરવા લાગ્યા. આના પરિણામે જે ખેતરમાંથી દસ મણ અનાજ મળતું હતું, તેની જગાએ પચીસ મણ અનાજ મળવા માંડ્યું. ગૌશાળામાંથી દૂધ પણ ઘણું વધારે મળવા લાગ્યું. આથી બધી જ જાતની ચોરી બંધ થઈ ગઈ, માંદગી મટી ગઈ અને તેની તબિયત સુધરી ગઈ.

એક દિવસ ફરીથી દુર્ગાદાસનો મિત્ર હરિશ્ચન્દ્ર પોતાના મિત્રને મળવા માટે આવ્યો. દુર્ગાદાસે હરિશ્ચન્દ્રને કહ્યું-"મિત્ર ! હું હરરોજ સવારે વહેલો ઊઠીને લગભગ બાર વાગ્યા સુધી બધી જ જગાએ ફરું છું, પરંતુ સફેદ હંસ ક્યાંય પણ મારા જોવામાં આવ્યો નહિ. પરંતુ એક વાત ચોક્કસ છે કે ધવલ હંસની શોધમાં હરરોજ વહેલી સવારે નીકળી પડવાથી મને ફાયદો ઘણો થયો."

આ વાત સાંભળીને હરિશ્ચન્દ્ર હસી પડ્યો અને બોલ્યો - પરિશ્રમ કરવો તેજ માત્ર સફેદ હંસ છે. પરિશ્રમની પાંખો હંમેશાં બહુજ ઉજળી હોય છે. તું જાતે મહેનત કર્યા વગર તારું બધું જ કામ નોકરોના ભરોંસે છોડી દેતો તેથી જ તને નુકસાન થતું. એટલા જ માટે જે પોતે મહેનત કરે છે અને પોતાના નોકરો પર બરાબર દેખરેખ રાખે છે, તે માલ-મિલ્કત તથા આદર-સન્માનને પ્રાપ્ત કરે છે.

૯. સ્વર્ગનાં દર્શન

લક્ષ્મીનારાયણ એક બહુજ ભલો છોકરો હતો. તે હરરોજ પોતાની દાદીને સૂતાં પહેલાં એક વાર્તા સંભળાવવાનું કહેતો હતો. તેની દાદી તેને નાગલોક, પાતાળ, ગન્ધર્વલોક, ચંદ્રલોક, સૂર્યલોક વગેરે વિષયની વાર્તાઓ કહ્યા કરતી ને સંભળાવતી. એક દિવસ તેની દાદીએ તેને સ્વર્ગલોકની વાત કહી. સ્વર્ગનું વર્ણન એટલું બધું સુંદર હતું કે તે સાંભળીને લક્ષ્મીનારાયણે સ્વર્ગ જોવાની હઠ પકડી.

દાદીએ તેને બહુજ સમજાવ્યું કે મનુષ્ય સ્વર્ગ જોઈ શકે નહિ. પરંતુ લક્ષ્મીનારાયણ બહુજ રોવા લાગ્યો અને રડતાં રડતાં તે ઊંઘી ગયો.

તેને એક સ્વપ્ન આવ્યું અને તેમાં તેણે જોયું કે એક અતિશય તેજસ્વી દેવતા તેની પાસે ઊભા રહીને કહે છે-"બેટા ! સ્વર્ગ જોવા માટે કિંમત ચૂકવવી પડે છે. તમે સરકસ જોવા માટે જાઓ છો ત્યારે ટિકિટ ખરીદવી પડે છે કે નહિ ? તેવી રીતે સ્વર્ગનાં દર્શન કરવા માટે તમારે રૂપિયા આપવા પડશે."

સ્વપ્નમાંજ લક્ષ્મીનારાયણ વિચારવા લાગ્યો કે હું દાદી પાસે રૂપિયા માગીશ. પરંતુ દેવતાએ કહ્યું "સ્વર્ગમાં તમારા મૃત્યુલોકના રૂપિયા ચાલતા નથી. અહીંયાં તો ભલમનસાઈ અને પરોપકારી કર્મોના પુણ્યના રૂપિયા ચાલે છે. ઠીક, તું આ ડબી તારી પાસે રાખ. જો તું કોઈ સારું કામ કરીશ તો આ ડબીમાં આપોઆપ એક રૂપિયો આવી જશે; પરંતુ તું જો કોઈ ખરાબ કામ કરીશ તો આ ડબીમાંથી એક રૂપિયો આપોઆપ ઊડી જશે. જ્યારે તને આપેલી આ ડબી ભરાઈ જશે, ત્યારે તને સ્વર્ગનાં દર્શન થશે."

લક્ષ્મીનારાયણની ઊંઘ જ્યારે પૂરી થઈ ત્યારે તેણે ખરેખર

પોતાના માથા પાસે પડેલી એક ડબી જોઈ. આ ડબી લઈને તે બહુજ ખુશ થયો. તે દિવસે તેની દાદીએ તેને એક રૂપિયો આપ્યો. આ રૂપિયો લઈને તે ઘરની બહાર નીકળ્યો. તેવામાં એક રોગી ભિખારી તેની પાસે પૈસા માગવા લાગ્યો. લક્ષ્મીનારાયણ ભિખારીને પૈસા આપ્યા વગર ત્યાંથી ભાગી જવા માગતો હતો, પરંતુ એટલામાં તેણે પોતાના શિક્ષક સામેથી આવતા જોયા. તેના શિક્ષક બહુજ દયાળુ હતા અને ઉદાર છોકરાઓનાં બહુ જ વખાણ કરતા હતા. આવા શિક્ષકને જોઈને લક્ષ્મીનારાયણે ભિખારીને રૂપિયો આપી દીધો. તેના અધ્યાપકે આ બાબત જોઈને તેની પીઠ થાબડી અને પ્રશંસા કરી.

ત્યાંથી લક્ષ્મીનારાયણે પોતાના ઘરે આવીને તે ડબી ખોલી, પરંતુ તે બિલકુલ ખાલી હતી. આથી લક્ષ્મીનારાયણને બહુજ દુઃખ થયું અને રડતાં રડતાં તે સૂઈ ગયો. સ્વપ્નમાં ફરીથી તેને તેજ દેવતાએ દર્શન દીધાં અને કહ્યું-"તેં તો અધ્યાપકો પાસેથી પ્રશંસા મેળવવા માટે ભિખારીને રૂપિયો આપ્યો હતો. બદલામાં પ્રશંસા મળી ગઈ. હવે ખોટો શા માટે રડે છે ? કોઈ લાભ મેળવવાની આશાથી જે કોઈ સારું કામ કરવામાં આવે છે, તે તો વેપાર છે, તે કંઈ પુણ્ય કહેવાય ?"

બીજા દિવસે લક્ષ્મીનારાયણને તેની દાદીએ બે રૂપિયા આપ્યા. આ રૂપિયા લઈને તે બજારમાં ગયો અને બે સંતરાં ખરીદ્યાં. તેનો મિત્ર મોતીલાલ બીમાર હતો. બજારમાંથી પાછા વળતી વખતે તે પોતાના મિત્રની ખબર કાઢવા માટે તેના ઘરે ગયો. મોતીલાલની બીમારીની તપાસ માટે તેના ઘરે એક વૈદ્યરાજ આવ્યા હતા. વૈદે દવા આપીને મોતીલાલની માતાને કહ્યું-"આને આજે સંતરાનો રસ આપજો."

મોતીલાલની માતા બહુજ ગરીબ હતી. તે રડવા લાગી અને બોલી-"હું મજૂરી કરીને પેટ ભરું છું. આ વખતે દીકરો બીમાર

હોવાને લીધે કેટલાક દિવસથી હું કામ કરવા જઈ શકી નથી. સંતરાં ખરીદવા માટે મારી પાસે એક પણ પૈસો નથી.''

આવી સ્થિતિમાં લક્ષ્મીનારાયણે તેની પાસે જે બે સંતરાં હતાં, તે તેણે મોતીલાલની માતાને આપ્યાં. તેણીએ લક્ષ્મીનારાયણને આશીર્વાદ આપ્યા. લક્ષ્મીનારાયણે ઘરે આવીને જ્યારે પોતાની ડબી ખોલી તો તેમાં બે રૂપિયા ચમકી રહ્યા હતા.

એક દિવસ લક્ષ્મીનારાયણ રમતમાં મસ્ત હતો. ત્યારે તેની નાની બેન ત્યાં આવી અને તેનાં રમકડાંને ઉઠાવવા લાગી. આવું જોઈને લક્ષ્મીનારાયણે તેને રમકડાં ઉઠાવવાની મનાઈ કરી. પરંતુ જ્યારે તે બિલકુલ માની નહિ ત્યારે તેણે તેણીને મારી. બિચારી છોકરી રોવા લાગી. આ વખતે લક્ષ્મીનારાયણે જ્યારે પોતાની ડબી ખોલી તો ખબર પડી કે તેણે એકઠા કરેલા પૈસા ડબીમાંથી ઊડી ગયા છે. આથી તેને બહુજ પસ્તાવો થયો અને તેણે હવેથી કોઈ પણ ખરાબ કામ ન કરવાનો પાકો નિશ્ચય કરી લીધો.

માણસ જેવું કામ કરે તેવો જ તેનો સ્વભાવ થઈ જાય છે. જે માણસ બુરાં કામ કરે તેનો સ્વભાવ પણ બુરો બની જાય છે. પછી તેને ખરાબ કામ કરવામાં આનંદ આવે છે. જે માણસ સારું કામ કરે છે, તેનો સ્વભાવ પણ સારો બની જાય છે અને તેથી તેને ખરાબ કામ કરવાનું બહુજ ખરાબ લાગે છે. લક્ષ્મીનારાયણ પહેલાં રૂપિયાના લોભથી સારાં કામો કરતો હતો. આથી ધીરે ધીરે કુદરતી રીતે તેનો સ્વભાવ પણ સારાં કામ કરવાનો થઈ ગયો. આવી રીતે સારાં કામો કરતાં કરતાં તેની પાસેની ડબી રૂપિયાથી ભરાઈ ગઈ. સ્વર્ગના દર્શનની ઈચ્છાથી ખુશ થતો થતો તેની પાસે જે ડબી હતી તે લઈને પોતાના બગીચામાં ગયો.

આ સમયે લક્ષ્મીનારાયણે જોયું કે બગીચામાં એક ઝાડની

નીચે બેઠેલો ઘરડો સાધુ રોતો હતો. તે દોડતો દોડતો તે સાધુની પાસે ગયો અને બોલ્યો - "બાબા ! આપશ્રી કેમ રડો છો ?"

સાધુમહારાજે કહ્યું - "બેટા ! જેવી ડબી હાલ તારા હાથમાં છે, તેવી જ ડબી મારી પાસે હતી. મેં સખત મહેનત કરીને તે ડબીમાં રૂપિયા ભર્યા હતા. મને બહુજ મોટી આશા હતી કે આ રૂપિયાથી મને સ્વર્ગનું દર્શન થશે; પરંતુ આજે ગંગાજીમાં સ્નાન કરતી વખતે તે ડબી પાણીમાં પડી ગઈ."

લક્ષ્મીનારાયણે કહ્યું-બાબા ! આપ રડશો નહિ. આ મારી ડબી પણ રૂપિયાથી ભરેલી છે. તે હું તમને આપું છું, પ્રેમથી સ્વીકારો.

સાધુ મહારાજ બોલ્યા - "તમે આ ડબી બહુજ પરિશ્રમ કરીને ભરી છે, તેથી આ ડબી આપવાથી તમને દુઃખ થશે."

લક્ષ્મીનારાયણે કહ્યું-"બાબા ! મને દુઃખ નહિ લાગે. હજુ તો હું એક છોકરો છું. હજુ મારે કેટલાંક વર્ષ જીવવાનું છે. અને આવી ઘણી ડબીઓ ભરી શકીશ આપશ્રી તો બહુજ ઘરડા થઈ ગયા છો. ખબર નહિ કે આપશ્રી હવે બીજી ડબી ભરી શકશો કે નહિ. તેટલા માટે કૃપા કરીને આપશ્રી મારી ડબી લઈ લ્યો."

સાધુ મહારાજે ડબી લઈને લક્ષ્મીનારાયણની આંખો પર હાથ ફેરવ્યો, કે તરત લક્ષ્મીનારાયણની આંખો બંધ થઈ ગઈ. તેને સુંદર સ્વર્ગનાં દર્શન થવા માંડ્યાં-આ સ્વર્ગ એટલું બધું રમ્ય, સરસ અને સુંદર દેખાતું હતું કે તેની દાદીએ સ્વર્ગનું જે વર્ણન કર્યું હતું તે તો આ સ્વર્ગના એક ખુણાના વર્ણન બરાબર પણ ન હતું.

જ્યારે લક્ષ્મીનારાયણે પોતાની આંખો ખોલી ત્યારે તેણે જોયું કે સાધુમહારાજને બદલે સ્વપ્નમાં તેને જે દેવતાએ દર્શન આપેલાં, તે જ દેવતા બરાબર તેની સમક્ષ ઊભા હતા.

દેવતાએ તેને કહ્યું - "બેટા ! જે લોકો સારાં કામ કરે છે, તેમના માટે તેમનું ઘર સ્વર્ગ બની જાય છે. તમે જો આવી રીતે જીવનમાં પરોપકારનાં કામ કરતા રહેશો તો અંતે જરૂરથી તમે સ્વર્ગમાં પહોંચી જશો."

દેવતા માત્ર આટલું કહીને ત્યાંથી અદૃશ્ય થઈ ગયા.

૧૦. સૌથી મોટો પુણ્યાત્મા

પુરાતન સમયથી કાશી એક પ્રસિદ્ધ નગર છે. સંસ્કૃત વિદ્યાનું તે પુરાણું કેન્દ્ર છે. તેને ભગવાન વિશ્વનાથની નગરી અથવા વિશ્વનાથપુરી પણ કહેવામાં આવે છે. ભગવાન વિશ્વનાથજીનું ત્યાં બહુજ પ્રાચીન મંદિર છે. એક દિવસ ભગવાન વિશ્વનાથના પૂજારીએ સ્વપ્નમાં જોયું કે ભગવાન શ્રીવિશ્વનાથ તેને મંદિરમાં બહુજ મોટા વિદ્વાનો તથા ધાર્મિક લોકોની સભા બોલાવવા માટે આદેશ આપતા હતા. પૂજારીએ આ બાબતની બીજા દિવસે સવારે સારા નગરમાં જાહેરાત કરાવી દીધી.

કાશીના બધાજ વિદ્વાનો, સાધુસંતો અને બીજા અનેક પુણ્યાત્મા દાનેશ્વરી લોકો પણ ગંગાજીના પવિત્ર જલમાં સ્નાન કરીને મંદિરમાં આવી ગયા. સઘળા લોકોએ બહુજ પ્રેમથી અને ભાવથી ભગવાન વિશ્વનાથ પર જલ ચઢાવ્યું, ભગવાનની પ્રદક્ષિણા કરી અને સભામંડપમાં તથા બહાર જ્યાં જ્યાં જગા મળી ત્યાં આગળ શાંતિથી ઉભા રહ્યા. તે દિવસે મન્દિરમાં બહુજ ભીડ હતી, જ્યારે બધા જ લોકો આવી ગયા ત્યારે પૂજારીએ તેમને પોતાના સ્વપ્નની વાત કહી. બધા જ લોકોએ "હર હર મહાદેવ"ની મોટી જય બોલાવીને ભગવાન ભોલાનાથની પ્રાર્થના કરવા લાગ્યા.

જ્યારે ભગવાનની આરતી થઈ ગઈ, નગારાં, ઝાલર તથા ઘંટનાદનો અવાજ બંધ થયો અને બધા જ લોકોએ પ્રાર્થના કરી લીધી, ત્યારે બધાએ આશ્ચર્ય સાથે જોયું કે મંદિરમાં અચાનક ખૂબ પ્રકાશ પ્રસરી ચૂક્યો હતો. ભગવાન વિશ્વનાથની મૂર્તિની પાસે એક સોનાનું પત્ર પડેલું હતું, જેના પર હીરા, માણેક વગેરે મોટાં મોટાં રત્નો જડેલાં હતાં. આ રત્નોના ચમકારાથી મંદિરમાં પ્રકાશ ફેલાઈ રહ્યો

હતો. પૂજારીએ તે રત્નજડિત સ્વર્ણપત્ર ઉઠાવીને બધાને બતાવ્યું. તેની ઉપર હીરાજડિત અક્ષરોથી લખ્યું હતું-"સૌથી મોટા દયાળુ તથા પુણ્યાત્મા પરોપકારી માટે ભગવાન વિશ્વનાથની આ ભેટ છે."

આ પૂજારી એક મોટા ત્યાગી તથા ભગવાનના સાચા ભક્ત હતા. તેમણે ફરીથી આ સ્વર્ણપત્ર ઉઠાવીને બધાને બતાવ્યું. પૂજારીએ કહ્યું-"પ્રત્યેક સોમવારના દિવસે અહીંયાં વિદ્વાનોની અને દયાળુ સભા થશે અને જે વ્યક્તિ પોતાને સૌથી મોટો પુણ્યાત્મા અને દયાળુ સિદ્ધ કરી આપશે, તેને આ સુવર્ણપત્ર ભેટ આપવામાં આવશે."

સમગ્ર દેશમાં ચારે તરફ આ સમાચાર ફેલાઈ ગયા. દૂર-દૂરથી તપસ્વી, ત્યાગી, જુદાં જુદાં વ્રત કરનાર, દાન કરનાર લોકો

કાશીમાં આવવા લાગ્યા. એક બ્રાહ્મણે ઘણા મહિના સુધી સળંગ ચાન્દ્રાયણ વ્રત કર્યું હતું, તે પણ પોતાની જાતને પુણ્યાત્મા સમજીને સ્વર્ણપત્ર લેવા માટે આવી ગયો. પૂજારીએ સ્વર્ણપત્ર તેના હાથમાં આપ્યું પરંતુ સ્વર્ણપત્ર તેના હાથમાં જતાંની સાથે જ તે માટીનું બની ગયું અને તેની કાંતિ ઝાંખી પડી ગઈ. આ બ્રાહ્મણે શરમના માર્યા તે સ્વર્ણપત્ર પૂજારીને પાછું આપી દીધું. પૂજારીના હાથમાં જતાં જ તે સોનાનું બની ગયું અને તેમાં જડેલાં રત્નો ચમકવા લાગ્યાં.

સારા દેશમાં ચારે બાજુ આ સમાચાર ફેલાઈ ગયા. એક મહાનુભાવે ઘણી જ સ્કૂલો બનાવડાવી હતી. કેટલીક જગાઓમાં તેઓશ્રી સેવાશ્રમ ચલાવતા હતા. દાન કરતાં કરતાં તેમણે પોતાની પાસેનું સઘળું ધન લગભગ વાપરી નાખ્યું હતું. ઘણી જ ધર્માદા સંસ્થાઓમાં તેઓ હંમેશાં દાન કરતા હતા. સમાચાર-પત્રોમાં તથા છાપાઓમાં તેમનું નામ છપાતું હતું. તેઓશ્રી પણ સ્વર્ણપત્ર લેવા માટે આવી પહોંચ્યા. પરંતુ જ્યારે સ્વર્ણપત્ર તેમના હાથમાં આવ્યું કે તરત જ માટીનું થઈ ગયું. પૂજારીએ તેને કહ્યું - "મહોદય ! આપ પદ અને માન-મરતબાના લોભથી દાન કરતા લાગો છો." નામ કમાવવાની ઇચ્છાથી કરવામાં આવતું દાન કદાપિ સાચું દાન નથી.

આવી રીતે ઘણા લોકો આવ્યા, પરંતુ કોઈને પણ સ્વર્ણપત્રની પ્રાપ્તિ થઈ નહિ. બધાના હાથમાં જતાંની સાથે સ્વર્ણપત્ર માટીનું બની જતું. આવી રીતે કેટલાક માસ વીતી ગયા. ઘણાલોકો સ્વર્ણપત્રની ભેટ મેળવવા માટે ભગવાન વિશ્વનાથના મંદિરની આજુબાજુમાં જ દાન-પુણ્ય કરવા લાગ્યા. પરંતુ આવા લોકોમાંથી કોઈને પણ સ્વર્ણપત્ર પ્રાપ્ત થયું નહિ.

એક દિવસ એક ઘરડો ખેડૂત ભગવાન વિશ્વનાથજીનાં દર્શન કરવા આવ્યો. તે ગામડાનો ખેડૂત હતો. તેનાં કપડાં મેલાં અને

ફાટેલાં હતાં. તે માત્ર ભગવાન વિશ્વનાથનાં દર્શન કરવાના હેતુથી જ ત્યાં આવ્યો હતો. તેની પાસે એક કપડામાં બાંધેલો થોડોક સાથવો અને એક ફાટેલો કામળો હતો. મંદિરની પાસે લોકો ગરીબોને કપડાં અને પુરીઓ તથા મીઠાઈ છૂટા હાથે વહેંચતા હતા, પરંતુ ત્યાં આગળ એક કોઢવાળો માણસ મંદિરથી થોડેક દૂર પડ્યો પડ્યો કણસતો હતો. તેનાથી ઊભું પણ થવાતું નહિ. તેના આખા શરીરમાં ઘા પડેલા હતા. તે બહુજ ભૂખ્યો હતો, પરંતુ તેની તરફ કોઈ જોતું પણ ન હતું. આ ઘરડા ખેડૂતને તે કોઢવાળા દુઃખી માણસ પર બહુ જ દયા આવી ગઈ. તેની પાસે ખાવા માટે જે થોડોક સાથવો હતો તે તેને ખાવા માટે આપ્યો તથા પોતાની પાસે જે એક માત્ર કામળો હતો તે પણ તેને ઓઢાડી દીધો. અને ત્યાંથી તે સીધો જ મંદિરમાં ભગવાન વિશ્વનાથનાં. દર્શન કરવા માટે ગયો.

મંદિરના પૂજારીએ હવે એક એવો નિયમ બનાવ્યો હતો કે જેટલા યાત્રાળુ સોમવારના દિવસે ભગવાનનાં દર્શન કરવા માટે આવતા, તે બધાના હાથમાં પૂજારી એક વાર તે સ્વર્ણપત્ર આપતો હતો. આ ઘરડો ખેડૂત જ્યારે ભગવાન વિશ્વનાથજીનાં દર્શન કરીને મંદિરથી બહાર જતો હતો, ત્યારે પૂજારીએ આ સ્વર્ણપત્ર તેના હાથમાં રાખી દીધું. આ ઘરડા ખેડૂતના હાથમાં જતાંવેંત જ સુવર્ણપત્રમાં જડેલાં રત્નો બમણા પ્રકાશથી ચમકવા લાગ્યાં. તેથી બધા જ લોકો આ ઘરડા માણસની પ્રશંસા કરવા લાગ્યા.

પૂજારીએ ઘરડા ખેડૂતને બહુજ પ્રેમથી કહ્યું-"ભગવાન વિશ્વનાથજીએ તમને આ સુવર્ણપત્ર આપેલ છે. જે કોઈ પણ જાતના લોભ વગર, માન-પાનની આશા વગર પોતાનું પવિત્ર કર્તવ્ય જાણીને, દીન-ગરીબો પર દયા કરે છે, કોઈ પણ જાતના સ્વાર્થ સિવાય માત્ર પરોપકારની ભાવનાથી દાન કરે છે, તથા દુઃખી માણસોની સેવા કરે છે, તેજ ખરેખર સૌથી મોટો પુણ્યાત્મા છે."

૧૧. માખીનો લોભ

એક વેપારી પોતાના ઘરાકને મધ આપતો હતો, તેવામાં અચાનક તેના હાથમાંથી મધ ભરેલું વાસણ છટકીને નીચે પડી ગયું. ઘણું-ખરું મધ જમીન પર ઢોળાઈ ગયું. ઢોળાઈ ગયેલા મધમાંથી વેપારીએ જેટલું મધ બની શકે તે પ્રમાણે ઉપર ઉપરથી લઈ લીધું, પરંતુ કેટલુંક મધ જમીન ઉપરજ પડી રહ્યું.

મધની મીઠાશના લોભથી ઘણી-ખરી માખીઓ તે મધ પર આવીને બેસી ગઈ. મીઠું-મીઠું મધ તેમને બહુજ ભાવતું હતું તેથી તેઓ જલદી જલદી મધને ચાટવા લાગી. જ્યાં સુધી માખીઓનું પેટ ભરાયું નહિ ત્યાં સુધી તેઓ મધને ચાટવામાં મશગુલ રહી.

જ્યારે માખીઓનું પેટ ભરાઈ ગયું, તેઓએ ઉડવાની ઈચ્છા કરી પરંતુ તેમની પાંખો મધમાં ચોંટી ગઈ હતી. ઉડવા માટે જેટલી વધારે મહેનત કરતી હતી એટલી જ એમની પાંખો મધમાં ચોંટી જતી હતી અને તેમના આખા શરીરમાં મધ લાગી જતું હતું.

ઘણીખરી માખીઓ લોથ-પોથ થઈને મરી ગઈ જ્યારે ઘણીખરી માખો મધમાં પાંખો ચોંટી જવાથી મધમાંથી છૂટવા માટે બેચેન બની ગઈ. પરંતુ બીજી નવી નવી માખીઓ મધની લાલચથી ત્યાં આવતી જતી હતી. અને મધમાં ચોંટી ગયેલી છટપટાતી માખીઓને જોયા પછી પણ મધ ચાટવાની લાલચને છોડી શકતી ન હતી.

માખીઓની આવી દુર્દશા તથા મૂર્ખતા જોઈને વેપારી બોલ્યો-

"જે લોકો જીભના સ્વાદના લોભમાં પડી જાય છે તે લોકો આ માખીઓની માફક મૂર્ખ હોય છે. સ્વાદના થોડાક સમયના સુખના લોભથી તેઓ પોતાની તબિયત-તંદુરસ્તી બગાડે છે, રોગી બનીને ખોટા હેરાન થાય છે અને જલદી મોતના મુખમાં ચાલ્યા જાય છે "

૧૨. સંપની શક્તિ

માતાદીનના પાંચ પુત્રો હતા. તેમનાં નામ હતાં-શિવરામ, શિવદાસ, શિવલાલ, શિવસહાય અને શિવપૂજન. તેઓ અંદરો-અંદર કજીઆ-કંકાસ ઘરમાં કરતા હતા. એક નાની સરખી વાતમાં પણ અંદરો-અંદર તું-તારી કરીને ઘરમાં ખોટી ગડમથલ કરતા હતા.

માતાદીન પોતાના પુત્રોના આવા ઝઘડાથી બહુજ કંટાળી ગયો. તેણે એક દિવસ સમજાવવાના આશયથી બધા જ પુત્રોને પોતાની પાસે બોલાવ્યા. પહેલાંથી જ માતાદીને પાતળી, અને સુકી પાંચ ડાળીઓની એક ભારી બનાવી રાખી હતી. તેણે તેના પુત્રોને કહ્યું - તમારામાંથી જે કોઈ આ ભેગી બાંધેલી ડાળીઓની ભારીને તોડી નાખે, તેને દસ રૂપિયા ઈનામ આપવામાં આવશે.

પાંચેય છોકરાઓ અંદર-અંદર ઝઘડવા લાગ્યા કે આ ભારીને સૌથી પહેલાં હું તોડીશ, કારણ કે જે છોકરો ભારીને સૌથી પહેલાં તોડે તેને જ રૂપિયા મળે. પિતા માતાદીન બહુજ બુદ્ધિશાળી હતો. તેણે નક્કી કર્યું કે જેમ સૌથી નાનો તેમ તેને પહેલો ચાન્સ. તેથી સૌથી પહેલાં તેણે તેના સૌથી નાના પુત્ર શિવપૂજનને ભારી તોડવાનું કહ્યું.

શિવપૂજને ભારી ઉઠાવી અને પોતાની તાકાત અજમાવી. દાંત પીસીને, આંખો મીંચીને પોતાનામાં જેટલું જોર હતું તેટલું બધું જ ભારી તોડવા માટે અજમાવ્યું. પોતે પસીનાથી રેબઝેબ થઈ ગયો. પરંતુ ડાળીઓની ભારી તૂટી નહિ. ત્યારબાદ પિતાએ શિવપૂજનથી મોટા શિવસહાયને તે ભારી તોડવા માટે કહ્યું. તેણે પણ પોતાની બધી જ શક્તિ કામે લગાડી, પરંતુ તે પણ ભારી તોડી શક્યો નહિ. આ રીતે બધા જ પુત્રોએ પોતપોતાના વારા પ્રમાણે ભારી હાથમાં લીધી પોતાનામાં જેટલી તાકાત હતી, તેટલી બધી જ તાકાત અજમાવી પરંતુ તેમનામાંથી કોઈ પણ ભારી તોડવામાં સફળ થયો નહિ.

હવે માતાદીને ભારી ખોલી નાંખી અને દરેક પુત્રના હાથમાં એક, એક ડાળી આપી દીધી. આ વખત બધાએ પોતાના હાથમાં

આપેલી ડાળીને ફટાફટ તોડી નાખી. હવે માતાદીન બોલ્યો- "બેટાઓ ! જોયું, જ્યાં સુધી આ ડાળીઓની ભારી બાંધેલી હતી ત્યાં સુધી તમારામાંથી કોઈ પણ તે ભારીને તોડવા માટે સમર્થ ન હતો, પરંતુ જ્યારે ભારીને છોડી નાંખી અને તમારા હાથમાં એક, એક ડાળી જુદી કરીને આપી, ત્યારે તમે દરેક તેને સહેલાઈથી તોડી શક્યા. આજ રીતે જો તમે લોકો જ્યાં સુધી આપસમાં ઝઘડા કરતા રહેશો અને એક બીજાથી અલગ થઈ જશો તો બીજા લોકો તમારા કુસંપને લીધે તમને બહુજ તંગ કરશે અને દબાવી દેશે. પરંતુ જો તમે પાંચે ભાઈઓ પરસ્પર સંપથી રહેશો તો કોઈ પણ માણસ તમારી સાથે દુશ્મનાવટ બાંધવાની હિંમત કરશે નહિ."

માતાદીનના પુત્રો હવે સમજી ગયા ને આપસ-આપસમાં ઝઘડા કરવાનું બિલકુલ બંધ કરી દીધું. તેઓ બહુજ સંપથી રહેવા લાગ્યા. કહેવત છે-"સંપ ત્યાં જંપ."

❀ ❀ ❀

૧૩. વૈદ્યજીને ભગાડી દીધા

દેવીસહાયનો દીકરો નામે ભગવતીપ્રસાદ બીમાર થઈ ગયો. ભગવતીપ્રસાદ બપોરની ગરમીમાં ઘેરથી છાનોમાનો કેરી શોધવા માટે ભાગી ગયો અને તેથી તેને ત્યાં લૂ લાગી ગઈ. તેને જોરથી તાવ ચઢ્યો. પિતા દેવીસહાયે પોતાના પુત્રની ચિકિત્સા માટે વૈદ્યજીને બોલાવ્યા.

વૈદ્યજ આવીને દીકરાની નાડી જોઈને કહ્યું-"આને લૂ લાગી ગઈ છે. આ છોકરો બહુજ ચંચળ દેખાય છે. ખરા બપોરે ગરમીમાં ઘરની બહાર રખડવા જવાની શી જરૂર હતી ? આ બહુજ ખરાબ ટેવ છે. જે છોકરાઓ પોતાના વડીલોનું કહ્યું માનતા નથી તેઓની આવી ખરાબ દશા થાય છે."

એકબાજુ વૈદ્યજી ઉપદેશ આપતા હતા અને બીજી બાજુ છોકરાને ઠપકો આપતા હતા. પિતા દેવીસહાયને વૈદ્યજીની આ હરકત ઠીક લાગી નહિ. તેમણે કહ્યું-"વૈદ્યજી ! મેં આપશ્રીને બોલાવીને ભૂલ કરી. આપશ્રી આપની ફીના આ વીસ રૂપિયા લઈ લ્યો અને સુખેથી સિધાવો. મેં આપશ્રીને મારા દીકરાની ચિકિત્સા માટે બોલાવેલા, આવી હરકત માટે નહિ. હું મારા પુત્રનો ઇલાજ બીજાકોઈ વૈદ્ય પાસે કરાવીશ. કારણ કે આપ તો મારા બીમાર દીકરાને ઠપકો આપીને વધારે બીમાર બનાવી રહ્યા છો."

બિચારા વૈદ્યજી શરમાઈને ચાલ્યા ગયા. જે માણસ દુઃખી હોય, બીમાર હોય તેને બીમારીમાં અથવા દુઃખમાં તેની ભૂલો

બતાવીને તથા ઉપદેશ આપીને વધારે દુઃખી કરવો જોઈએ નહિ. આવી વખતે તો તેની તરફ ઉદારતાથી સહાનુભૂતિ દાખવીને તેની સેવા કરવી તેજ વધારે યોગ્ય છે.

❀ ❀ ❀

૧૪. બે ટટ્ટુ

એક વેપારી પાસે બે ટટ્ટુ હતા. તે આ ટટ્ટુપર સામાન લાદીને પહાડો પર વસેલા ગામોમાં લઈ જઈને માલસામાન વેચવાનું કામ કરતો. એક વખત એવું બન્યું કે આ બે ટટ્ટુમાંથી એક ટટ્ટુ કંઈક બીમાર થઈ ગયો. વેપારીને ખબર ન હતી કે તેનો એક ટટ્ટુ બીમાર છે, પહાડોપર વસેલા ગામમાં વેચવા માટે, મીઠું, ગોળ, દાળ, ચોખા વગેરે એક દિવસ તેને લઈ જવાનું કામ હતું. આથી તેણે બન્ને ટટ્ટુઓ પર બરાબર-બરાબર સરખો સામાન ગોઠવી દીધો અને માલ-સામાન વેચવા માટે ચાલી નીકળ્યો.

ઊંચા-નીચા પહાડી રસ્તા પર ચાલવામાં બીમાર ટટ્ટુને બહુજ ત્રાસ થવા માંડ્યો. બીમાર ટટ્ટુએ બીજા ટટ્ટુને કહ્યું-આજે મારી તબિયત ઠીક નથી તેથી મારી પીઠ પર લાદેલી એક ગુણી હું નીચે પાડી નાખું છું, તમે અહીંયાં ઊભા રહો. આપણા માલિક તે ગુણીને તમારી ઉપર રાખી દેશે. મારો ભાર થોડો ઓછો થશે તો હું બીમાર હોઈને તમારી સાથે ચાલી શકીશ. જો તમે આગળ ચાલ્યા જાશો તો આ નીચે પડેલા થેલાને ફરીથી મારી પીઠ પર આપણો માલિક ગોઠવી દેશે. બીજો ટટ્ટુ બોલ્યો-"તમારો ભાર ઊંચકીને લઈ જવા માટે હું શા માટે ઊભો રહું ? શું મારી પીઠ પર કંઈ ઓછો ભાર લાદ્યો છે ? હું મારા ભાગનો જ ભાર ઊંચકીને ચાલીશ."

બીમાર ટટ્ટુ આ વાતથી ચુપ થઈ ગયો. પરંતુ હવે તેની તબિયત પહેલાં કરતાં વધારે લથડવા લાગી. ચાલતાં ચાલતાં પત્થરના એક ટુકડાની ઠોકર લાગવાથી તે ત્યાં પડી ગયો અને પહાડ પર ઢોળાવ હોવાથી લથડતો લથડતો જઈને ખાડામાં પડ્યો. આવી

રીતે બીચારો બીમાર ટટ્ટુ મરી ગયો.

વેપારી પોતાના એક ટટ્ટુને ગુમાવવાથી બહુજ દુઃખી થયો, તે થોડીક વાર ત્યાં આગળ ઊભો રહ્યો. પછી વેપારીએ મરી ગયેલા ટટ્ટુ પર જે સામાન લાદેલો હતો તે બધો જ સામાન બીજા ટટ્ટુ પર લાદી દીધો. હવે આ ટટ્ટુ પસ્તાવા લાગ્યો અને મનમાં ને મનમાં કહેવા લાગ્યો, "જો મેં મારા સાથીનું કહેવું માનીને તેનો એક થેલો પહેલેથી જ લઈ લીધો હોત તો મારે તેના આ બધા જ થેલા ઊંચકીને ચાલવાનું થાત નહિ."

આવી રીતે મુસીબતમાં પડેલા પોતાના સાથીને જે મદદ કરતા નથી, તેઓને પાછળથી પસ્તાવું પડે છે.

❀ ❀ ❀

૧૫. બ્રહ્માજીના બે થેલા

આ સારા સંસારની રચના કરનાર બ્રહ્માજીએ એકવાર મનુષ્યને પોતાની પાસે બોલાવીને પૂછયું-તમે શું ચાહો છો ?

મનુષ્ય કહે-"હું પ્રગતિ કરવાનું ચાહું છું, સુખ-શાંતિને ચાહું છું, અને ચાહું છું કે બધા જ લોકો મારી પ્રશંસા કરે."

બ્રહ્માજીએ મનુષ્યની સામે બે થેલા રાખી દીધા. અને તેઓશ્રી બોલ્યા, "આ બે થેલાને લઈ લો... આ બેમાંથી એક થેલામાં તમારા પાડોશીની ખરાબ બાબતો ભરેલી છે. તેને તમારી પીઠ પર લાદો. તેને કદાપિ ખોલશો નહિ હંમેશને માટે તેને બંધ રાખો. તેમાંનું



કંઈપણ તમે જોશો નહિ તથા બીજા કોઈને દેખાડશો નહિ. આ બીજા થેલામાં તમારા દોષ ભરેલા છે તેને તમારા આગળના ભાગે લટકાવો અને વારંવાર ખોલીને જોયા કરો.''

ભલા માણસે બન્ને થેલા ઊંચકી લીધા. પરંતુ તેનાથી એક ભૂલ થઈ ગઈ. તેણે પોતાના દોષોથી ભરેલો થેલો પોતાની પીઠ પર લાદી દીધો અને તેનું મોંઢું બરાબર કસકસાવીને બંધ કરી દીધું તેણે પોતાના પડોશીના દોષોથી ભરેલો પોતાની આગળની બાજુએ લટકાવ્યો અને પડોશીવાળો થેલો વારંવાર ઉઘાડીને અંદર જોવા લાગ્યો અને બીજાઓને પણ દેખાડવા લાગ્યો. તેથી તેણે બ્રહ્માજી પાસે જે વરદાન માગ્યાં હતાં, તે પણ ઉલટાં થઈ ગયાં. તે પોતાની ઉન્નતિને બદલે અધોગતિ તરફ જવા લાગ્યો. તેને દુઃખ અને અશાંતિ મળવા લાગી. બધા જ લોકો તેને ખરાબ માનવા લાગ્યા.

તમે જો તે મનુષ્યની તે ભૂલને સુધારી લેશો તો ચોક્કસ તમારી ચઢતી થશે. તમને સુખ-શાંતિ મળશે. અને સારી દુનિયામાં તમારી પ્રશંસા થશે. ખરેખર તમારે તે બાબતનું ખાસ ધ્યાન રાખવાનું છે કે આપણા પડોશી તેમજ પરિચિત-ઓળખીતા માણસોના દોષ જોવાનું ટાળવું જોઈએ પણ તેને બદલે પોતાના દોષ જોવા જોઈએ. જે મનુષ્ય બીજાના ગુણો અને પોતાના દોષો જોવાની ટેવ પાડે છે તે આગળ જતાં હંસ જેવો બને છે પરંતુ જે પોતાના ગુણને અને બીજાના દોષને જુએ છે તેનો સ્વભાવ આગળ જતાં કાગડા જેવો બને છે.

બાલમિત્રો - ''હંમેશાં હંસ બનો-કદાપિ કાગડો નહિ.''

૧૬. સાચી જીત

એક ગામમાં એક ખેડૂત રહેતો હતો. તેનું નામ હતું શેરસિંહ. શેરસિંહ વાઘ જેવો ભયંકર અને અભિમાની હતો. તે થોડી-થોડી વાત પર બગડી બેસતો અને બીજાઓ સાથે લડી બેસતો. ગામના લોકો સાથે તે સારા અથવા સીધા મોંઢે વાત પણ ન કરતો. તે કોઈના ઘરે પણ જતો નહિ તેમજ રસ્તામાં કોઈ સામે મળે તો વિવેક ખાતર પણ પ્રણામ કરતો નહિ. આખા ગામના ખેડૂતો તેને અભિમાની ઉદ્ધત સમજીને તેની સાથે બોલતા ન હતા.

તેજ ગામમાં દયારામ નામનો એક ખેડૂત આવીને રહેવા લાગ્યો. તે એક બહુજ સીધો અને ભલો માણસ હતો. તેનામાં નામ પ્રમાણે ગુણ હતા. બહુજ દયાળુ સ્વભાવનો હોઈને બધાની સાથે નમ્રતાથી વાત કરતો. તેમજ તે વગર માગે બધાને કંઈ ને કંઈ મદદ કર્યા કરતો. બધા જ ખેડૂતો તેની તરફ માનથી જોતા અને પોતાના કામમાં તેની સલાહ જરૂર લેતા.

ગામના ભલા ખેડૂતોએ દયારામને કહ્યું-"ભાઈ દયારામ ! તમે કદાપિ શેરસિંહના ઘરે જશો નહિ. તેનાથી હંમેશાં દૂર રહેજો. કારણ કે તે બહુજ ઝઘડાખોર આદમી છે."

દયારામે હસીને કહ્યું-"શેરસિંહ ભૂલે ચૂકે પણ મારી સાથે ઝઘડો કરશે તો હું તેને જરૂર મારી નાંખીશ."

દયારામની આ વાત પર બધા જ ખેડૂતો હસી પડ્યા, કારણ કે તેઓ બધા જાણતા હતા કે દયારામ બહુજ ભલા આદમી તથા દયાળુ છે. દયારામ કોઈને મારવાની વાત તો બાજુ પર રહી, પરંતુ કોઈને ગાળ પણ દઈ શકે તેવા ન હતા. પરંતુ કોઈકે આ

વાત ખાનગીમાં શેરસિંહને કહી દીધી. આ સાંભળીને શેરસિંહ લાલ-પીળો થઈ ગયો અને શેરસિંહ તેજ દિવસથી દયારામની સાથે ઝઘડો કરવા માટે લાગ ખોળવા લાગ્યો. પહેલાં તો તેણે દયારામના ખેતરમાં પોતાના બળદો છોડી મૂક્યા. આ બળદો દયારામનું ઘણું-ખરું ખેતર ચરી ગયા, પરંતુ દયારામે બિલકુલ ઉશ્કેરાયા વિના શેરસિંહના બળદોને પોતાના ખેતરમાંથી ચુપચાપ હાંકી કાઢ્યા.

બીજી વાર શેરસિંહે દયારામના ખેતરમાં પાણી પહોંચાડતું પાણીનું નાળું તોડી નાખ્યું. પાણી વહીને વેડફાવા લાગ્યું. પરંતુ દયારામે આવીને નાળાની નીકને બરાબર ઠીક કરી દીધી. આવી રીતે શેરસિંહ વારંવાર દયારામને નુકસાન પહોંચાડતો, પરંતુ દયારામ પોતે દયાળુ સ્વભાવનો હોઈને એક વાર પણ ઝઘડો કરવાની શેરસિંહને તેણે તક આપી નહિ.

એક દિવસ દયારામના ત્યાં તેમના કોઈ સારા સંબંધીએ વલસાડની મીઠી કેરીઓ મોકલાવી. દયારામે દરેક ખૂડેતના ત્યાં પાંચ-પાંચ કેરીઓ મોકલી આપી; પરંતુ શેરસિંહે પોતાના ત્યાં આવેલી કેરીઓને એવું કહીને પાછી મોકલી આપી કે, "હું કંઈ ભિખારી નથી. હું બીજાનું દાન લેતો નથી."

એવામાં વરસાદ આવ્યો અને બન્યું એવું કે શેરસિંહ એક ગાડું અનાજ ભરીને બીજા ગામથી આવી રહ્યો હતો. રસ્તામાં એક નાળાના કીચડ-કાદવમાં તેનું ગાડું ફસાઈ ગયું. શેરસિંહના બળદો બહુજ દુબળા હતા. આવા દુબળા બળદો ગાડાને કીચડમાંથી બહાર કાઢી શકયા નહિ. ગામમાં જ્યારે આ વાતની ખબર પહોંચી ત્યારે

બધા જ લોકો બોલ્યા-"શેરસિંહ બહુજ દુષ્ટ છે. તેને આખી રાત નાળામાં જ પડી રહેવા દો."

પરંતુ આ વાતની જ્યારે દયારામને ખબર પડી કે તરત જ તેણે પોતાના બળવાન બળદોને સાથે લઈને તે નાળા તરફ જવા માટે નીકળી પડ્યો. લોકોએ તેને રોક્યો અને કહ્યું-"દયારામ ! શેરસિંહે તમારું બહુજ નુકસાન કરેલ છે. વળી તમે કહેતા હતા કે મારી સાથે જે લડશે તેને હું મારી નાખીશ. તો પછી તમે આજે તેને સહાય કરવા શા માટે જાઓ છો ?"

દયારામે કહ્યું-"હું આજે તેને ખરેખર મારી નાંખીશ. તમે બધા સવારે તેની હાલત જોજો."

જ્યારે શેરસિંહે દયારામને બળવાન બળદ લઈને આવતો જોયો તો અભિમાનથી ગાજ્યો-"તમે તમારા બળદ લઈને પાછા ચાલ્યા જાઓ. મારે કોઈની મદદ જોઈતી નથી."



શેરસિંહને દયારામે કહ્યું-તમારા મનમાં આવે તેવી ગાળો દો, મનમાં આવે તો મને મારો, પરંતુ આ વખતે તમે ખરેખર સંકટમાં છો. તમારું ગાડું કીચડમાં ફસાયેલું છે અને રાત પડવાની તૈયારી છે. હું તમારી કોઈપણ વાત પર ધ્યાન આપીશ નહિ.

આમ બોલીને એકદમ શેરસિંહના દુબળા બળદોને તેના ગાડામાંથી છોડીને પોતાના ખાલી ગાડામાં જોડી દીધા અને તેણે પોતાના બળવાન બળદોની મદદથી શેરસિંહના ગાડાને નાળામાંથી બહાર ખેંચી કાઢ્યું. શેરસિંહ ગાડું લઈને પોતાના ઘરે આવી ગયો. તેનો દુષ્ટ સ્વભાવ હતો તે તેજ દિવસથી બદલાઈ ગયો. હવે શેરસિંહ કહેવા લાગ્યો કે દયારામે પોતાના ઉપકારથી મને ખરેખર મારી નાખ્યો છે. કારણ કે હવે હું અહંકારી શેરસિંહ ક્યાં છું ? હવેથી શેરસિંહ બધાની સાથે પ્રેમથી અને વિનયથી વ્યવહાર કરવા લાગ્યો. બુરાઈને ભલાઈથી જીતવી તેમાં જ સાચી જીત છે અને આ રીતે દયારામે શેરસિંહ પર સાચી જીત મેળવી.

૧૭. મૂર્ખરાજ

બાદશાહ અકબર બીરબલને બહુજ માનતા હતા. રાજા બીરબલ બહુજ ચતુર અને બુદ્ધિશાળી હતા, અને મઝા પડે એવી પોતાની વાતો સંભળાવીને બાદશાહને હંમેશાં ખુશ રાખતા હતા. અકબર અને બીરબલની વિનોદની ઘણી ખરી વાતો બહુજ જાણીતી છે. તેમાંની ઘણી વાતો બહુજ કામની છે. તેમાંના એક બનાવનું વર્ણન નીચે પ્રમાણે છે.

એક વખત અકબર બાદશાહ પોતાના રાજમહેલમાં ગયો. તે વખતે બાદશાહની સૌથી વ્હાલી બેગમ પોતાની કોઈ સાહેલી સાથે કંઈ ખાસ વાત કરતી હતી. બાદશાહ અચાનક તેમની પાસે જઈને ઉભા રહ્યા. બેગમ એકદમ ઊભી થઈ ગઈ અને હસતાં હસતાં બોલી "પધારો મૂર્ખરાજ !"

બાદશાહને બહુજ માઠું લાગ્યું. પરંતુ આ પહેલાં કદાપિ

બેગમે બાદશાહનું અપમાન કરેલ નહિ. બાદશાહ જાણતા હતા કે બેગમ બહુજ ડાહી અને બુદ્ધિશાળી છે. બેગમ કારણ વગર આવું ખરાબ બોલે નહિ. પરંતુ બાદશાહ તે ન સમજી શક્યા કે બેગમે તેમને મૂર્ખરાજ શા માટે કહ્યા. પરંતુ આ બાબતમાં બેગમને પૂછવાનું બાદશાહને યોગ્ય લાગ્યું નહિ. થોડીક વાર ત્યાં રોકાઈને બાદશાહ પોતાના કક્ષમાં ચાલ્યા ગયા.

આ વાતથી બાદશાહ ઉદાસ બેઠા હતા. એવામાં બીરબલ તેમની પાસે આવી પહોંચ્યો. બીરબલને જોતાંની સાથે જ બાદશાહે કહ્યું-"પધારો મૂર્ખરાજ."

બીરબલે હસીને કહ્યું–"જી મૂર્ખરાજજી !"

બાદશાહે આંખ ચઢાવીને કહ્યું–"બીરબલ ! તમે મને મૂર્ખરાજ કેમ કહો છો ?"

બીરબલે કહ્યું-"મનુષ્ય પાંચ રીતે મૂર્ખ કહેવાય" (૧) જો બે વ્યક્તિયો એકાંતમાં વાતો કરતી હોય અને ત્યાં વગર બોલાવ્યે તથા રજા લીધા વગર ત્યાં આવીને કોઈપણ વ્યક્તિ ઊભો રહે તો તે મૂર્ખ કહેવાય છે. (૨) બે માણસો આપસમાં વાતચીત કરતા હોય અને તેમાં બે માણસોની વાત પૂરી થાય તે પહેલાં ત્રીજો માણસ વચમાં પડીને બોલવા લાગે તે પણ મૂર્ખ કહેવાય છે. (૩) કોઈ માણસ આપણને કંઈ કહી રહ્યો હોય અને તેની વાત પૂરી સાંભળ્યા વગર વચ્ચે બોલવા માંડે તે પણ મૂર્ખ કહેવાય છે. (૪) જો માણસ કોઈને કોઈપણ જાતના વાંક-ગુના વગર ગાળો દે અને ખોટા આક્ષેપ કરે તે પણ મૂર્ખ છે. (૫) આવી રીતે જે મૂર્ખની પાસે જાય અને મૂર્ખ માણસોનો સંગ કરે, તે પણ મૂર્ખ કહેવાય છે.

અકબર બાદશાહ બીરબલના આવા હાજરજવાબથી બહુજ રાજી થયા. તમારે આ વાતો બહુજ ધ્યાનમાં રાખવી જોઈએ. તમે કદાપિ કોઈ આવી ભૂલ કરતા નહિ, કે જેથી લોકો તમને પણ મૂર્ખરાજ કહે.

૧૮. જાઓ અને આવો

એક ગામમાં એક ધનવાન માણસ રહેતો હતો. તેનું નામ હતું ભૂરાભાઈ. ભૂરાભાઈની પાસે ઘણાં ખેતરો હતાં. તેણે ઘણા જ નોકર-ચાકર તથા મજૂરો રાખી લીધા હતા. ભૂરાભાઈ પોતે બહુજ સુસ્ત અને આળસુ હતા. તે પોતાના ખેતરોમાં શું ચાલે છે તે જોવાની કદાપિ તસ્દી લેતો નહિ. તે પોતાના નોકરો અને મજૂરોને મોકલીને ખેતરોનું સઘળું કામ કરાવતો હતો.

આથી મજૂરો અને નોકરો પોતાની મનમાની કરતા હતા. તે લોકો ખેતરમાં થોડા સમય માટે કામ કરતા, બાકી તેઓ ઘરે બેસી રહેતા, જ્યાં ત્યાં ફરતા-રખડતા અને ખોટાં ગપ્પાં મારતા હતા. સમયસર ખેતરોમાં ન તો હળ ચાલતાં ન તો ખેતીને પાણી પાવામાં આવતું તથા તેમાં ખાતર નાખવામાં આવતું. સમયસર ખેતરોમાં બીજ પણ વવાતાં નહિ. અને ખેતરોનું ઘાસ બહાર કાઢવાની પણ કોઈ તસ્દી લેતા નહિ. આનું પરિણામ એ આવ્યું કે ખેતરોની ઉપજ ધીરે ધીરે ઘટવા લાગી અને થોડાક સમયમાં જ ભૂરાભાઈ ગરીબ થવા લાગ્યો.

તેજ ગામમાં રામપ્રસાદ નામે એક બીજો ખેડૂત હતો. તેની પાસે પોતાની માલિકીનાં ખેતરો ન હતાં. રામપ્રસાદ ભૂરાભાઈ પાસેથી થોડાંક ખેતર ભાડેથી રાખીને વાવતો હતો, પરંતુ હતો બહુજ મહેનતુ. તે પોતાના મજૂરોની સાથે હંમેશાં ખેતરે જતો અને ત્યાં આગળ લાગલાગટ ઊભા રહીને પોતે પણ મહેનત કરતો હતો. રામપ્રસાદનાં ખેતરો સારી રીતે ખેડવામાં આવતાં અને પાકને પાણી પણ પીવડાવવામાં આવતું. તેમાં ખાતર પણ બરાબર નાખવામાં

આવતું. પાકની વચ્ચે ઉગેલા ઘાસને પણ કાઢી લેવામાં આવતું અને વાવણી માટે બીજ પણ સમયસર વાવવામાં આવતાં હતાં. રામપ્રસાદની સાથે તેના ઘરના માણસો પણ કામ કરતાં હતાં. જેથી ખેતરમાં ઉપજ સારી રીતે થતી હતી. મહેસૂલ-ભાડું (જમીનનું) ચૂકવીને તથા ઘરખર્ચ કાઢ્યા બાદ પણ તેની પાસે ઘણું ખરું અનાજ બચતું. આથી થોડાક જ સમયમાં રામપ્રસાદ ધનવાન બની ગયો.

જ્યારે ભૂરાભાઈ બહુજ ગરીબ થઈ ગયો અને તેના પર મહાજનોનું દેવું વધી ગયું; ત્યારે તેને પોતાનાં ખેતરો વેચવાની જરૂર જણાઈ. આ સમાચાર સાંભળીને રામપ્રસાદ ભૂરાભાઈ પાસે ગયો અને કહ્યું-"મેં સાંભળ્યું છે કે આપશ્રી આપનાં ખેતરો વેચવાનો વિચાર રાખો છો. કૃપા કરીને આપશ્રીનાં ખેતરો મને વેચો તો બહુજ સારું, કારણ કે હું આપને બીજાઓ કરતાં ઓછી કિંમત આપીશ નહિ."

આ વાત પર ભૂરાભાઈએ આશ્ચર્યથી રામપ્રસાદને પૂછ્યું-"ભાઈ રામપ્રસાદ ! મારી પાસે પોતાની માલિકીનાં ઘણાં ખેતરો હતાં, છતાં પણ હું દેવાદાર થઈ ગયો, અને તમે તો મારી પાસેથી માત્ર થોડાંક જ ખેતરો ભાડેથી લઈને વાવો છો. તો પછી તમારી પાસે આટલું બધું ધન ક્યાંથી આવી ગયું છે ? એક તો તમે ખેતરો ભાડેથી લઈને વાવો છો, તમારે જમીનનું મહેસૂલ-ભાડું વગેરે ચૂકવવું પડે છે, તદુપરાંત તમારે ઘરનું કામકાજ પણ ચલાવવું પડે છે. મારાં ખેતરો ખરીદવા માટે તમને આટલા બધા રૂપિયા કોણે આપ્યા ?"

રામપ્રસાદે કહ્યું-"મને રૂપિયા તો કોઈએ પણ આપ્યા નથી. રૂપિયા તો મેં ખેતરોની ઉપજમાંથી બચાવીને એકઠા કર્યા છે. આપશ્રીની ખેતી અને મારી ખેતીમાં ઘણું અંતર છે. આપશ્રી આપના નોકરો મજૂરો તથા લાગતાવળગતા બધાને કામ કરવા માટે "જાઓ-જાઓ" કહો છો, તેથી આપની ધન-દોલત પણ ચાલી ગઈ. પરંતુ હું મારા મજૂરો તથા નોકરોની પહેલાં જ કામ કરવા માટે તૈયાર



થઈને તેમને બધાને મારી સાથે કામ કરવા માટે "આવો-આવો" કહીને બોલાવું છું. તેથી મારા ત્યાં અહીંયાં ધન-દોલત આવે છે."

હવે ભૂરાભાઈને ખરી વાત બરાબર સમજાઈ. તેણે થોડાંક જ ખેતરો રામપ્રસાદને વેચીને તે રકમમાંથી પોતાનું દેવું ચૂકવી દીધું અને ત્યારબાદ તેપોતાની પાસે રહેલાં ખેતરોમાં સખત મહેનતથી ખેતી કરવા લાગ્યો. ખેતરોમાં કામ કરતા નોકરો-મજૂરો ઉપર બરાબર દેખરેખ રાખીને કામ લેવા માંડ્યું. જેથી થોડાક સમયમાંજ તેની આર્થિક દશા સુધરી ગઈ. તે ફરીથી આવી રીતે સખત મહેનત કરવાથી, સુખી અને ધનવાન થઈ ગયો.

❀ ❀ ❀

૧૯. સસલાં અને દેડકાં

એક વખત કેટલાંક સસલાં ગરમીના દિવસોમાં બોરડીની વાડીની એક સૂકી ઝાડીમાં ભેગાં થયાં. વરસાદ નહિ પડવાથી તે દિવસોમાં ખેતરોમાં અનાજ પેદા ન થવાથી તેઓ બધાં ભૂખ્યાં હતાં અને આ દિવસોમાં સવારે અને સાંજે ગામની બહાર જે લોકો ફરવા આવતા તેમની સાથે આવતા પાળેલા કૂતરા પણ સસલાંને બહુજ હેરાન કરતા હતા. મેદાનની ઝાડીઓ બીલકુલ સુકાઈ ગઈ હતી. તેથી જ્યારે કૂતરાઓ દોડતા ત્યારે સસલાંને છુપાવાની જગા બહુજ હરકત ને હેરાનગતિ બાદ મળતી. આવો બધો ત્રાસ થવાથી સસલાં બહુજ દુઃખી અને બેચેન બની ગયાં.

એક સસલાએ કહ્યું - "બ્રહ્માજીએ આપણી જાત સાથે મોટો અન્યાય કર્યો છે. આપણને આવડાં નાનાં અને દુર્બળ બનાવ્યાં. બ્રહ્માજીએ આપણને હરણ જેવાં શીંગડાં પણ ન આપ્યાં કે ન તો બિલાડીના જેવા ધારદાર પંજા. આપણા શત્રુઓથી બચવા માટે આપણી પાસે કોઈ સાધન કે ઉપાય નથી. બધાં સામે આવતાં જ આપણે ભાગવું પડે છે. બધી બાજુથી જગતકર્તાએ સઘળાં સંકટો આપણા માથે નાખેલ છે."

બીજા સસલાએ કહ્યું - "હું તો હવે આ દુઃખ તથા આફતો ભરેલા જીવનથી ગભરાઈ ગયો છું. મેં તો તળાવમાં ડૂબી જઈને મરી જવાનો નિર્ણય કર્યો છે."

ત્રીજો સસલો બોલ્યો-"હું પણ મરી જવા માગું છું. મારાથી હવે વધારે દુઃખ સહન થઈ શકતું નથી. હું હમણાં જ તળાવમાં કૂદી પડવા માટે જાઉં છું."

સભામાંના બાકી રહેલાં સસલાં બોલ્યાં - "અમે બધાં જ તમારી સાથે આવીએ છીએ. આપણે બધાં સાથે જ રહ્યાં છીએ માટે મરીશું પણ સાથે જ. બધાં જ સસલાં આવું બોલીને એક સાથે

તળાવની તરફ ચાલવા લાગ્યાં.''

તળાવના પાણીમાંથી બહાર નીકળીને કેટલાંક દેડકાં તળાવના કિનારા પર બેઠાં હતાં. જ્યારે સસલાંના આવવાનો અવાજ દેડકાંના



કાને પડ્યો કે બધાં જ દેડકાં ફટાફટ પાણીમાં કૂદી પડ્યાં. ડરી જઈને પાણીમાં કૂદી પડતાં દેડકાંને જોઈને સસલાં રોકાઈ ગયાં. એક સસલું બોલ્યું-''ભાઈઓ આપણે જાન ખોવાની જરૂર નથી. ચાલો પાછા જઈએ. જ્યારે બ્રહ્માની સૃષ્ટિમાં આપણાથી પણ નાનાં અને

આપણાથી ડરતાં-ઘણા જ જીવો આ દુનિયામાં રહે છે અને જીવે છે, ત્યારે આપણે જીવનથી શા માટે નિરાશ થવું જોઈએ ?''

તે સસલાની વાત સાંભળીને તળાવ પર આવેલાં સસલાં આપઘાત કરવાનો વિચાર છોડી દઈને પાછાં ફરી ગયાં. જ્યારે તમારી ઉપર આફત આવે અને તમે ગભરાઈ જાઓ, ત્યારે એવું વિચારો કે આ દુનિયામાં કેટલા બધા વધારે લોકો તમારાથી વધારે દુઃખી, દરિદ્ર, રોગી અને ઘણી બધી આફતોમાં પડેલા છે. તમે તેમનાથી કેટલી સારી સ્થિતિમાં છો. તો પછી તમારે શા માટે ગભરાવું જોઈએ ?

૨૦. બાદશાહ અને માળી

ઈરાન દેશનો બાદશાહ નામે નૌશેરવાં પોતાની ન્યાયપ્રિયતા માટે બહુજ પ્રસિદ્ધ હતો. તે દાન પણ બહુજ કરતો હતો. એક દિવસ તે પોતના મંત્રીઓની સાથે ફરવા નીકળ્યો. તે વખતે તેણે જોયું કે ઘરડો માળી બગીચામાં અખરોટનાં ઝાડ રોપી રહ્યો છે. બાદશાહ તે બગીચામાં ગયા. બાદશાહે માળીને પૂછયું-"તમે અહિંયાં નોકરી કરો છો કે આ બગીચો તમારી માલિકીનો છે ?"

માળીએ કહ્યું-"હું અહીંયાં નોકરી કરતો નથી. મારા બાપદાદાએ આ બગીચામાં આ બધાં જ ઝાડ રોપેલાં છે."

બાદશાહ બોલ્યા -"તમે આ અખરોટના ઝાડ રોપી રહ્યા છો. શું તમે એમ સમજો છો કે આ અખરોટનાં ફળ ખાવા માટે તમે જીવતા રહેશો ?"

અખરોટનું ઝાડ વાવ્યા પછી વીસ વર્ષ બાદ ફળ આપે છે. એ વાત બહુજ જગજાહેર છે. ઘરડા માલીએ બાદશાહની વાત સાંભળીને કહ્યું - "હું આજ સુધી બીજા લોકોએ વાવેલાં ઝાડનાં ફળ ખાઈ રહ્યો છું. તેટલા માટે આવાં ફળાઉ ઝાડ મારે પણ બીજાના માટે વાવવાં જોઈએ. પોતાનાં વાવેલાં ઝાડનાં ફળ ખાવાની ઈચ્છા

રાખવી તે તો નર્યો સ્વાર્થ છે.''

બાદશાહ માળીના આવા સરસ જવાબથી બહુજ ખુશ થયા. અને માળીને ઈનામમાં બે સોનામહોરો આપી.

❀ ❀ ❀

૨૧. પ્રમાણિકતાનો બદલો

એક ઝાડની ડાળી પર એક કબૂતર બેઠું હતું. તે ઝાડ નદીના કિનારે હતું. કબૂતરે ડાળી પર બેઠાં-બેઠાં નીચે જોયું કે નદીના પાણીમાં એક કીડી પાણીના વેગથી ખેંચાઈને જઈ રહી છે. બીચારી તે કીડી વારંવાર નદીના કિનારે આવવા પ્રયત્ન કરતી હતી, પરંતુ તે પાણીની સાથે વહી જતી હતી. કબૂતરને એવું લાગ્યું કે થોડીક-જ પળોમાં કીડી પાણીમાં ડૂબી જઈને મરી જશે. આ દૃશ્ય પર કબૂતરને દયા આવી. કબૂતરે પોતાની ચાંચથી ઝાડનું એક પત્તું તોડીને કીડીની પાસે પાણીમાં નીચે નાખ્યું. આ જોઈને કીડી તે પાન પર ચઢી ગઈ. તે ઝાડનું પત્તું વહેતું વહેતું નદીના કિનારે પહોંચી ગયું. પાણીથી બહાર આવીને આ કીડીએ કબૂતરનો ખૂબ આભાર માન્યો.

એવામાં એવું બન્યું કે તેજ સમયે એક પારધી ત્યાં આવ્યો અને ચુપચાપ છુપાઈને તે ઝાડની નીચે બેસી ગયો. ખરેખર કબૂતરે પારધીને જોયેલો નહિ. પારધી પાસે પોતાનો વાંસ હતો. તે કબૂતરને ફસાવવા માટે વાંસ ઉપર લઈ જવા લાગ્યો. કીડી આ બધું જોઈને ઝાડની તરફ દોડી. જો કીડી બોલી શકતી હોત તો તે કબૂતરને બૂમ મારીને પણ સાવધાન કરી દેત, પરંતુ બિચારી કીડી બોલી તો શકતી ન હતી. પોતાના પ્રાણ બચાવનાર કબૂતરનું રક્ષણ કરવાનો તેણે મનમાં જ દૃઢ નિશ્ચય કરી લીધો. તેથી કીડી ઝાડની નીચે પહોંચી જઈને તે પારધીના પગ પર ચઢી ગઈ અને કીડીએ પારધીની સાથળના મર્મભાગમાં પૂરા જોરથી ચટકો ભર્યો.



અચાનક કીડીના કરડવાથી શિકારી ચમકી ગયો. તેની પાસેનો વાંસ હાલી ગયો. જેથી ઝાડનાં પાંદડાં ખખડવા લાગ્યાં અને આથી કબૂતર સાવધાન થઈને ત્યાંથી ઊડી ગયું.

જે માણસ આફતમાં પડેલા લોકોને મદદ કરે છે, તેવા માણસપર જ્યારે સંકટ આવે ત્યારે ભગવાન પોતે જ તેને બચાવવા માટે યોગ્ય યોજના જરૂર અગાઉથી જ ઘડી રાખે છે.

૨૨. અતિથિ સત્કાર

આ કથા પુરાણમાં આવે છે. પક્ષીઓને ફસાવીને તેમને વેચનાર એક શિકારી હતો. તે આખો દિવસ પોતાના વાંસ પર ગુંદર લગાડીને પક્ષીઓને ફસાવવા માટે જંગલમાં રખડતો હતો. એક વખત ઠંડીના દિવસોમાં શિકારી વહેલી સવારે જંગલમાં ગયો. તે દિવસે તેને શિકારમાં કોઈ પક્ષી મળ્યું નહિ. એક જંગલમાંથી બીજા જંગલમાં ભટકતાં તેનો આખો દિવસ પૂરો થઈ ગયો. તે પોતાના ઘરથી એટલો બધો દૂર નીકળી ગયો હતો કે તે રાત્રી પડતાં પણ પોતાના ઘરે પાછો ફરી શક્યો નહિ. અંધારું થતાં એક ઝાડ નીચે રાત પસાર કરવાના વિચારથી બેસી ગયો.

તે દિવસે દિવસના ભાગમાં ઘણો જ વરસાદ થયો હતો. કરા પડ્યા હતા. શરદી ખૂબ વધી ગઈ હતી. શિકારી પાસે ઠંડીથી બચવા માટે ખાસ કપડાં ન હતાં, કારણ કે તેને જંગલમાં રાત્રે રોકાવું પડશે તે વિચારથી તે ઘરેથી નીકળ્યો ન હતો. પવન બહુજ જોરથી ફુંકાતો હતો. પારધી સખત ઠંડીથી થર-થર કાંપવા લાગ્યો. અને ખૂબ ઠંડીને લીધે તેના દાંત પણ કકડવા લાગ્યા.

જે ઝાડ નીચે પારધી બેઠો હતો, તે ઝાડની ઉપર કબૂતરનું એક યુગલ માળો બનાવીને તેમાં રહેતું હતું. શિકારીની આવી ખરાબ હાલત જોઈને કબૂતરે પોતાની કબૂતરીને કહ્યું- જો કે આ શિકારી આપણા લોકોનો જન્મજાત શત્રુ છે, પરંતુ તે આપણા ત્યાં આજે અતિથિ થયેલો છે. તેની સેવા કરવી તે આપણો ધર્મ છે. હજુ તો રાતની શરૂઆત છે. જેમ જેમ રાત વધશે તેમ ઠંડી પણ

ખૂબ જ વધવાની. શિકારીને જો આજ હાલતમાં રહેવાનું થશે તો રાત્રીની સખત ઠંડીના લીધે સવાર થતાં પહેલાં તે મરી જશે અને આપણને તેના મૃત્યુનું પાપ લાગશે. જેથી આપણે તેની ઠંડી દૂર કરવા માટે કોઈક ઉપાય કરવો જોઈએ.

આવા સંજોગોમાં કબૂતરોએ પોતાનો માળો નીચે પાડી નાખ્યો. થોડાં વધારે તણખલાં ચાંચમાં દબાવીને લાવીને નીચે પાડ્યાં. ત્યારબાદ કબૂતરી ઊડી અને દૂરથી એક નાના બળતા સળકડાને પોતાની ચાંચમાં ઘાલીને લઈ આવી. અને તે બળતા ટુકડાને તે ઘાસના ઢગલા પર નીચે નાખ્યો. માળાનાં તણખલાં સળગવા લાગ્યાં. પારધીએ આજુબાજુથી થોડાક વધારે લાકડાના ટુકડા લાવીને તે આગમાં નાખ્યા. આગની ગરમીથી તેની ઠંડી દૂર થઈ ગઈ.

હવે શિકારી આખા દિવસનો ભૂખ્યો હતો. હવે તે અગ્નિના પ્રકાશમાં આજુબાજુ જોવા લાગ્યો કે કંઈ ખોરાક મળી જાય તો ખાઈને ભૂખ મટાડું. શિકારીનું મોઢું ભૂખથી ને તરસથી સુકાઈ રહ્યું હતું. આ જોઈને કબૂતરીએ પોતાના કબૂતરને કહ્યું-"અતિથિ તો સાક્ષાત્ ભગવાનનું સ્વરૂપ ગણાય છે. "अतिथिदेवो भव" અતિથિને દેવ સમાન ગણો. જેથી જેના ઘરેથી અતિથિ જો ભૂખ્યો ચાલ્યો જાય તો તેનું સઘળું પુણ્ય નાશ પામે છે. આજે આ પારધી આપણો અતિથિ છે અને ભૂખ્યો પણ છે. આપણી પાસે તેની ભૂખને મટાડવા માટે બીજું કંઈ તો છે નહિ, એટલા માટે આ સળગતી આગમાં હું નીચે કૂદી પડું છું, જેથી મારું માંસ ખાઈને તે પોતાનું પેટ ભરી શકે."

કબૂતરી આટલું બોલીને તરત જ ઝાડ પરથી નીચે આગમાં કૂદી પડી. કબૂતરે પણ પોતાના મનમાં વિચાર કર્યો-આ અતિથિનું પેટ કબૂતરીના માંસથી કેવી રીતે ભરાશે ! હું પણ આગમાં નીચે કૂદી પડીને મારું માંસ તેને આપીશ. કબૂતર પણ નીચે કૂદી પડ્યું.

તેજ સમયે આકાશમાં વાજાં વાગવા લાગ્યાં, દુંદુભીનાદ થયો. ફૂલની વૃષ્ટિ થવા લાગી. તેજ વખતે દેવતાઓનું વિમાન નીચે ઊતર્યું. તેમાં બેસીને દંપતી-કબૂતર, દેવતાઓ જેવું રૂપ ધારણ કરીને દિવ્ય લોકમાં ચાલ્યું ગયું, કે જ્યાં આગળ મોટા-મોટા યજ્ઞ કરવાવાળા રાજા તથા મોટા મોટા ઋષિ-મુનિયો બહુજ કઠિન તપસ્યા કરીને પહોંચી શકે છે.



૨૩. ખેડૂત અને સારસ

એક ખેડૂત પક્ષીઓના ત્રાસથી બહુજ તંગ આવી ગયો હતો. તેનું ખેતર જંગલની પાસે હતું. તે જંગલમાં ઘણાં પક્ષીઓ રહેતાં હતાં. ખેડૂત જેવો ખેતરમાં બીજ વાવીને, પાટા સરખા કરીને ઘરે જતો કે તરત જ ઝુંડે-ઝુંડ પક્ષીઓ તેના ખેતરમાં આવીને બેસી જતાં અને માટીની નીચે દબાયેલાં બીજને ખોદીખોદીને ખાઈ જતાં. ખેડૂત પક્ષીઓને ઉડાડતાં ઉડાડતાં થાકી ગયો. તેણે વાવેલાં ઘણાં ખરાં બીજ પક્ષીઓ ખાઈ ગયાં. અને આવી રીતે બિચારા ખેડૂતને વારંવાર ખેતર ખેડીને ફરીથી બીજ વાવવાં પડતાં હતાં.

પક્ષીઓના ત્રાસથી બચવા, આ વખતે ખેડૂત એક મોટી જાળ લઈ આવ્યો. અને તેણે પોતાના પૂરા ખેતર પર તે જાળ બીછાવી દીધી. ઘણાંખરાં પક્ષીઓ ખેતરમાં બીજ ચણવા માટે આવ્યાં અને જાળમાં ફસાઈ ગયાં. આ જાળમાં એક સારસ પક્ષી પણ ફસાયું.

જ્યારે ખેડૂત જાળમાં ફસાયેલા પક્ષીઓને પકડવા લાગ્યો ત્યારે સારસે બહુજ નમ્રતાથી ખેડૂતને કહ્યું-"આપશ્રી મારી ઉપર કૃપા કરો, કારણ કે મેં આપને કોઈ પણ જાતનું નુકસાન કર્યું નથી. હું નથી મરઘી, નથી બગલો અથવા તો કોઈ પણ બીજ ચણી જનાર પક્ષી; હું તો સારસ છું. હું તો ખેતીને નુકસાન કરનાર કીડાઓને જ માત્ર ખાઉં છું. જેથી કૃપા કરીને મને છોડી દો."

ખેડૂત બહુજ ગુસ્સામાં હતો. ખેડૂતે કહ્યું - "તમારું કહેવાનું તો ઠીક છે, પરંતુ તમે પણ આ મને નુકસાન કરનાર પક્ષીઓની સાથે જ પકડાઈ ગયા છો, જે મારાં વાવેલાં બીજ ખાઈ જાય છે. તમે પણતેમના સાથી છો. તમે નુકસાન કરનાર પક્ષીઓની સાથે

મારા ખેતરમાં આવ્યા છો, તો તમારે પણ તેમની સાથે શિક્ષા ભોગવવી પડશે.''

જે માણસ જેવા લોકોની સોબતમાં રહે છે, તેને બધા લોકો તેવો જ સમજે છે. ખરાબ લોકોની સાથે રહેવામાં, ખરાબ કામ ન કરનાર માણસને પણ શિક્ષા તથા અપયશ મળે છે. હેરાન કરનાર પક્ષીઓની સોબત કરવાથી સારસને પણ જાળમાં ફસાવું પડ્યું.

❀ ❀ ❀

૨૪. સારસની શિખામણ

એક ગામની પાસે એક ખેતરમાં સારસ પક્ષીનું એક જોડું રહેતું હતું. ત્યાં તેમણે ઈંડાં મૂક્યાં હતાં. દિવસે દિવસે ઈંડાં મોટાં થવા લાગ્યાં અને તેમાંથી બચ્ચાં પણ નીકળ્યાં. પરંતુ બચ્ચાં મોટાં થઈને ઉડવા લાયક થાય તે પહેલાં ખેતરનો પાક પાકી ગયો. સારસનું જોડું બહુજ ચિંતામાં પડી ગયું. કારણ કે ખેડૂત ખેતરમાં ઉગેલો પાક કાપવાને આવે, તે પહેલાં જ તેમણે પોતાનાં બચ્ચાં સાથે આ ખેતરમાંથી બીજે ક્યાંક ચાલ્યા જવું જોઈએ, પરંતુ બચ્ચાં ઊડી શકતાં ન હતાં. એટલે સારસે બચ્ચાંને કહ્યું - અમે જ્યારે અહિંયાં ન હોઈએ ત્યારે કોઈપણ ખેતરની પાસે આવીને વાત કરે તો તેની વાત બરાબર સાંભળીને યાદ રાખવી.

એક દિવસ જ્યારે સારસ ચારો લઈને બચ્ચાં પાસે આવ્યું ત્યારે બચ્ચાંએ કહ્યું - આજે આ ખેતરનો ખેડૂત આવ્યો હતો. તે ખેતરની ચારે બાજુ ફરતો હતો. એક બે ઠેકાણે ઊભા રહીને ઘણા સમય સુધી ખેતરની તરફ તાકી તાકીને જોતો હતો. તે કહેતો હતો કે ખેતરમાંથી હવે પાક કાપી લેવા યોગ્ય થઈ ગયો છે. આજે અહિંથી જઈને ગામના લોકોને કહીશ કે મારા ખેતરનો પાક કાપવા માટે આવી જાય.

સારસે બચ્ચાંને કહ્યું - તમે ડરશો નહિ. ખેતરમાંથી હમણાં પાક કાપી લેવામાં નહિ આવે. કારણ કે હજુ ખેતરનો પાક કાપી લેવામાં થોડી વધારે વાર લાગશે.

કેટલાક દિવસ પછી જ્યારે એક દિવસ સાંજે સારસ બચ્ચાંની

પાસે આવ્યું ત્યારે બચ્ચાં બહુજ ગભરાયેલાં હતાં. તેઓ કહેવા લાગ્યાં – હવે આપણે આ ખેતર જેમ બને તેમ જલદી છોડી દેવું જોઈએ. કારણ કે આજે ફરીથી ખેડૂત આવ્યો હતો અને તે કહેતો હતો કે ગામના લોકો બહુજ મતલબી છે. તેઓ મારા ખેતરમાંથી પાક કાપી લેવા માટે કોઈ જ યોજના કરતા નથી. કાલે હું મારા ભાઈઓને મોકલીને ખેતરનો પાક કપાવી લઈશ.

સારસે પોતાનાં બચ્ચાંને ચિંતા છોડીને કહ્યું-"હમણાં તો ખેતર

કપાશે નહિ. બે ચાર દિવસમાં તમે ઠીક-ઠીક ઉડવા લાયક થઈ જશો. હમણાં તમારે ડરવાની કોઈ જરૂર નથી."

થોડાક વધારે દિવસો પસાર થઈ ગયા. એટલામાં સારસનાં

બચ્ચાં ઉડવા લાયક થઈ ગયેલાં અને બીલકુલ ડરતાં ન હતાં. એક દિવસ આ બચ્ચાંઓ સારસને કહેવા લાગ્યાં -"આ ખેડૂત લગભગ જૂઠું બોલીને અમને ડરાવે છે." તેના ખેતરનો પાક હમણાં કપાશે નહિ. તે ખેડૂત આજે પણ આવ્યો હતો અને કહેતો હતો કે - મારા ભાઈઓ મારી વાત સાંભળતા નથી. બધા જ લોકો ખોટાં બાનાં બતાવે છે. મારા પાકનું અનાજ હવે સુકાઈને નીચે ખરવા માંડ્યું છે. કાલે વહેલી સવારે હું જાતે જ આવીશ અને ખેતરનો પાક કાપી લઈશ.

બચ્ચાં બોલ્યાં - કેમ ? શું આ વખતે ખેતરનો પાક કપાઈ જશે ?

હવે સારસે ગભરાઈને કહ્યું - "ચાલો ઉતાવળ કરો. હજુ અંધારું થયું નથી. કોઈ બીજા સારા સ્થાને ઊડીને પહોંચી જઈએ. કારણ કે કાલે ખેતરમાંથી પાક જરૂર કાપવામાં આવશે."

સારસે કહ્યું - "ખેડૂત જ્યાં સુધી ગામવાળાઓ ઉપર અને પોતાના ભાઈઓના ભરોસે હતો ત્યાં સુધી ખેતરમાંથી પાક કપાવવાની આશા ન હતી. જે લોકો બીજાના ભરોસે કામને છોડે છે તેનું કામ થતું નથી પરંતુ જે પોતાની જાતે જ કામ કરવા તૈયાર થઈ જાય છે, તેનું કામ કદાપિ અટકતું નથી. ખેડૂત જ્યારે પોતે જ કાલે પાક કાપવા માટે આવનાર છે, તો જરૂરથી પાક કપાઈ જશે."

પોતાના બચ્ચાંની સાથે સારસનું જોડું તેજ સમયે ત્યાંથી ઊડીને બીજી જગાએ ચાલ્યું ગયું. આટલા માટે હંમેશાં દરેક માણસે પોતાનું કામ બીજાના ભરોસે રહ્યા વગર જાતે જ કરવું જોઈએ.

૨૫. ઉપકારનો બદલો

એક વખત એવું બન્યું કે એક સિંહના પગના પંજામાં એક બહુજ મોટો કાંટો ઘુસી ગયો. સિંહે પોતાના દાંતથી કાંટાને બહાર ખેંચી કાઢવા બહુજ પ્રયત્ન કર્યો, પરંતુ કાંટો બહાર નીકળ્યો નહિ. આથી સિંહ લંગડાતો લંગડાતો એક ભરવાડ પાસે પહોંચ્યો. સિંહને પોતાની પાસે આવતો જોઈને ભરવાડ બહુજ ગભરાયો. પરંતુ તે જાણતો હતો કે ભાગવાથી સિંહ માત્ર બે છલાંગ મારીને તેને પકડી લેશે. બાજુમાં કોઈ ઝાડ પણ ન હતું કે જેથી ભરવાડ પોતાનો જીવ બચાવવા તે ઝાડ પર ચઢી જાય.ભરવાડને તે સમયે બીજો કોઈ ઉપાય ન સુઝવાથી તે ત્યાં આગળ છાનો માનો બેસી રહ્યો.

સિંહ જ્યારે તેની પાસે આવ્યો ત્યારે ન તે ગરજ્યો કે ન તે ઘુરક્યો. તે ભરવાડની પાસે આવીને તેની સામે બેસી ગયો, અને

તેણે પોતાનો પગ ભરવાડની આગળ ધરી દીધો. સિંહની બહુજ દયામણી સ્થિતિ જોઈને ભરવાડ સમજી ગયો કે સિંહ તેની પાસેથી કોઈ મદદની આશા રાખે છે. ભરવાડે સિંહના પગમાં કાંટો જોઈને, તેને ચાલાકીથી બહાર ખેંચી કાઢ્યો. સિંહ જેવો આવ્યો હતો તેવો જ પાછો જંગલની તરફ ચાલ્યો ગયો.

કેટલાક દિવસો બાદ રાજાના ત્યાં ચોરી થઈ. કેટલાક લોકોએ દુશ્મનાવટને લીધે રાજાના મનમાં એવું ઠસાવી દીધું કે ખરેખર ભરવાડ ચોર છે. તેણે જ રાજાના ત્યાં ચોરી કરી છે. આથી ભરવાડને પકડવામાં આવ્યો. ભરવાડના ઘરમાં તલાશી લેતાં ચોરીની કોઈ જ વસ્તુ નીકળી નહિ. આથી રાજા એમ સમજ્યો કે ભરવાડે ચોરીનો સામાન ક્યાંક બીજે છુપાવી દીધો છે. તેથી રાજાએ ભરવાડને જીવતા સિંહની સામે છોડી મૂકવાનો હુકમ કર્યો.

સંજોગવશાત્ ભરવાડને મારી નાખવા માટે તેજ સિંહ પકડાઈ ગયો કે જેના પગના પંજામાંથી ભરવાડે કાંટો બહાર ખેંચી કાઢ્યો હતો. જ્યારે ભરવાડને સિંહની સામે છોડવામાં આવ્યો, ત્યારે સિંહે તેને ઓળખી લીધો. તે ભરવાડની પાસે આવીને બેસી ગયો અને એક કૂતરાની માફક પોતાની પુંછડી હલાવવા લાગ્યો.

આ જોઈને રાજાને બહુજ નવાઈ લાગી. તપાસ કરતાં જ્યારે રાજાને ખબર પડી કે ભરવાડે તે સિંહ ઉપર ઉપકાર કરેલો અને સિંહે પોતાની કૃતજ્ઞતા પ્રગટ કરી છે તેવું જાણીને રાજાએ ભરવાડને છોડી મૂક્યો.

સિંહ જેવું એક ભયાનક જાનવર પણ પોતાની ઉપર ઉપકાર કરનારનો ઉપકાર ભૂલતું નથી. પરંતુ મનુષ્ય થઈને જે કોઈએ કરેલો ઉપકાર ભૂલી જાય છે તે તો પશુથી પણ ગયો ગણાય છે.

૨૬. કપટી ગધેડો

એક ગધેડો ચરતો વનમાં,
મોટું કપટ રાખતો મનમાં.
ક્યાંકથી સિંહનું ચામડું જડ્યું,
તેનાથી તેણે રૂપ ઘડ્યું.
બધાને ખોટી બીક બતાવતો,
ખૂબ ખુશી-મજા ઉડાવતો.
ચરી જતો તે ખેતર સૌના,
બધાં ડરથી રહે છાનામાના.
તે કહેતો—"હું વનનો રાજા";
તગડો થયો માલ ખાઈ તાજા.
જંગલનાં જાનવરને આંખ બતાવે,
બધાની પર ખોટો રોફ જમાવે.
રાત સરસ એક પુનમ આવી,
ગધેડાના મનને તે ભાવી.
ખુશ થઈ ખેતર ચરવા લાગ્યો,
રાંક રખવાળ જોઈ ડરથી ભાગ્યો.
કોઈ ગધેડો ત્યાં જોસથી ભૂંક્યો,
કપટી ગધેડાએ કાન સરવો કર્યો.
લાગ્યો ભૂંકવા મુખ ઊંચું રાખી,
બીક ના હવે કોઈએ, તેની રાખી.
રખવાળોએ લાઠી લીધી,



મારી મારીને ખૂબ ખબર લીધી.
સૌને કરે જે ખોટું નુકસાન,
ધોલાઈ થાયે, થાયે અપમાન.

૨૭. લાલચુ વાંદરો

એક વાંદરો એક માણસના ત્યાં હરરોજ આવતો અને ખોટો ઉધમાત મચાવતો હતો. તે ક્યારેક કપડાં ફાડી નાંખે તો ક્યારેક વાસણ ઉઠાવીને લઈ જાય, અને ક્યારેક નાનાં બચ્ચાંને બચકાં ભરતો. તે ખાવા-પીવાની વસ્તુઓ લઈ જતો હતો, તેનું દુઃખ ઘરવાળાં માણસોને લાગતું નહિ, પરંતુ આ વાંદરાની આવી ખોટી હરકતોથી ઘરમાં માણસો તંગ આવી ગયાં હતાં.

એક દિવસ ઘરના માલિકે કહ્યું—હું આ વાંદરાને પકડીને બહાર જંગલમાં મોકલાવી દઈશ. તેણે એક કળા કરી. તેણે એક નાના મોંઢાની મોટી માટલી મંગાવી અને તેમાં શેકેલા ચણા નાખીને તે માટલીને જમીનમાં ડાટી દીધી. માત્ર માટલીનું મોઢું જ ઉપરથી ખુલ્લું રાખ્યું હતું, બાકી આખી માટલી જમીનમાં દટાયેલી હતી. આવું કરીને બધા જ લોકો ત્યાંથી દૂર ચાલ્યા ગયા.

એટલામાં તે વાંદરો ઘરમાં આવ્યો. થોડીક વાર આમ તેમ કૂદવા માંડ્યો. પરંતુ ઘરમાં કંઈ ખાવાનું મળ્યું નહિ. પરંતુ જ્યારે તેની નજર બહાર જમીનમાં દાટેલી માટલી પર પડી, તો તે દાટેલી માટલી પાસે જઈને બેસી ગયો. ચણા બહાર કાઢવા માટે તેણે માટલીમાં હાથ નાખીને પોતાની મુઠ્ઠીમાં ચણા ભરી લીધા. માટલીનું મોઢું નાનું હતું. તેમાંથી ચણાથી ભરેલી બંધ મુઠ્ઠી બહાર નીકળી શકતી ન હતી. વાંદરો મુઠ્ઠી બહાર કાઢવા માટે જોર લગાવવા લાગ્યો અને કૂદવા લાગ્યો. તે બહુજ બરાડ્યો અને ઉછળ્યો પરંતુ લાલચને લીધે તેણે મુઠ્ઠીમાંના ચણા છોડ્યા નહિ.

આ દૃશ્ય જોઈને ઘરના માલિકે વાંદરાને દોરડાથી સખત બાંધી દીધો અને બહાર જંગલ તરફ મોકલી દીધો. ચણાની



લાલચ રાખવાથી વાંદરો પકડાઈ ગયો. તેથી કહેવત છે કે– "લાલચ બહુજ બૂરી બલા છે."

❋ ❋ ❋

૨૮. લાલચુ કૂતરો

એક કૂતરો પોતાના મોંઢામાં રોટલીનો ટુકડો લઈને ક્યાંક જઈ રહ્યો હતો. વચ્ચે રસ્તામાં પાણી હતું. પાણી કંઈ બહુ ઊંડુ ન હતું. કૂતરો જ્યારે પાણીમાંથી પસાર થતો હતો ત્યારે તેણે પોતાનો પડછાયો પાણીમાં જોયો.



કૂતરાએ વિચાર કર્યો—"પાણીમાં કોઈ બીજો કૂતરો રોટલી લઈને જઈ રહ્યો છે. હું તેની રોટલી પડાવી લઉં તો મારી પાસે ખોરાક પૂરો થઈ જાય."

જ્યારે કૂતરાએ પડછાયામાં દેખાતા કૂતરાની રોટલી પડાવી લેવા માટે પોતાનું મોંઢું ખોલ્યું, કે તરત જ તેના મોંઢામાંનો રોટલીનો ટુકડો પાણીમાં પડી ગયો. આથી કૂતરો ભોંઠો પડી ગયો, અને ઉદાસ થઈ ગયો.

અડધું છોડી પૂરા માટે દોડે,
ના અડધું રહે, ના પૂરું પામે.

❀ ❀ ❀

૨૯. બિલાડી અને વાંદરો

એક ગામમાં બે બિલાડીઓ રહેતી હતી. તેઓ પરસ્પર સંપથી રહેતી હતી. તેમને જે કંઈ મળતું હતું, તેને પરસ્પર વહેંચીને ખાતી હતી. એક દિવસ તેમને એક રોટલી મળી. તેના સરખા ભાગ પાડતાં તેમની વચ્ચે ઝઘડો થઈ ગયો. એક બિલાડી એમ કહેતી હતી કે તમારી રોટલીનો ટુકડો મોટો છે, ત્યારે બીજી કહેતી હતી, મારો ટુકડો મોટો નથી.

જ્યારે બન્ને આપમેળે રોટલીના બન્ને ભાગ બરાબર વહેંચી શકી નહિ, તો તેઓ બન્ને એક વાંદરા પાસે ગઈ. આ બન્ને બિલાડીઓએ વાંદરાને પોતાનો પંચ બનાવ્યો. વાંદરાએ એક ત્રાજવું મંગાવ્યું, અને રોટલીના એક-એક ટુકડાને જુદા જુદા પલ્લામાં મૂક્યા. હવે વજન કરતી વખતે જે ટુકડો વજનમાં ભારે થયો તેમાંથી તેણે થોડીક રોટલી તોડીને પોતાના મોંઢામાં મૂકી દીધી. હવે જે

ટુકડામાંથી થોડોક ભાગ તોડીને વાંદરાએ મોંઢામાં મૂક્યો તે ભાગ નાનો થઈ ગયો, અને બીજો ટુકડો વજનમાં ભારે થયો. વળી વાંદરાએ ભારે ટુકડામાંથી થોડીક રોટલી તોડીને મોંઢામાં રાખી દીથી. આ રીતે વારંવાર કરતાં બન્ને ટુકડાઓમાંથી થોડીક થોડીક રોટલી તોડીને વાંદરો વારંવાર ખાવા લાગ્યો.

આવી રીતે વાંદરાએ રોટલીનો ઘણો ખરો ભાગ ખાઈ લીધો.

જ્યારે રોટલીના બન્ને ટુકડા બહુજ નાના થઈ ગયા, ત્યારે બિલાડીઓ ગભરાવા માંડી. તેમણે વાંદરાને કહ્યું—હવે આપ તસ્દી લેશો નહિ. અમે લોકો આપમેળે રોટલીના સરખા ભાગ પાડી દઈશું.

વાંદરો બોલ્યો—"મેં જ્યારે આટલી બધી મહેનત કરી છે તો મજૂરીના પેટે મને કંઈ પણ ના જોઈએ ?" એમ કહીને રોટલીના બચેલા બન્ને ટુકાડાઓને મોંઢામાં ભરી લીધા અને "હુપ-હુપ" કરીને તથા બિલાડીઓને ડરાવીને ભાગી ગયો.

આ બન્ને બિલાડીઓને બહુજ પસ્તાવો થયો અને કહેવા લાગી કે—"આપસની ફૂટ બહુજ બૂરી છે."

૩૦. વાઘ-ચિત્તો લડ્યા, શિયાળે હરણ ખાધું

કોઈ એક જંગલમાં એક વાઘ અને એક ચિત્તો રહેતા હતા. આમ તો ખરેખર વાઘ બહુજ બળવાન હોય છે, પરંતુ તે વાઘ ઘરડો થઈ ગયો હતો જેથી તે બહુજ દોડી શકતો નહિ. જ્યારે વાઘની તુલનામાં ચિત્તો મોટો અને બળવાન હતો. છતાં પણ આ ચિત્તો ઘરડા વાઘથી ડરતો હતો, અને તેથી ચિત્તો વાઘની મિત્રતા રાખતો હતો, કારણ કે વાઘ ઘરડો હોવા છતાં પણ ચિત્તાથી તો કંઈક વધારે બળવાન હતો જ.

એક વખત એવું બન્યું કે કેટલાય દિવસો સુધી વાઘ અને ચિત્તો એમ બન્નેમાંથી કોઈને પણ શિકાર મળ્યો નહિ બન્ને બહુજ ભૂખ્યા હતા. એવામાં જ એક પાસે ચરતા નાના એવા હરણ પર બન્નેની નજર પડી. ચિત્તાએ વાઘને કહ્યું—"હું હરણને પકડું છું. પરંતુ આપ પેલા સામે દેખાતા નાળા ઉપર જઈને બેસી જાઓ, કે જેથી હરણ ભાગીને નાળિયામાં ક્યાંક છુપાઈ ન શકે."

ચિત્તાના કહેવા પ્રમાણે વાઘ જઈને નાળિયાના મુખ પર જઈને બેસી ગયો. ચિત્તાએ હરણને દોડીને પકડી લીધું અને મારી નાખ્યું. પરંતુ હરણ બહુજ નાનું હતું. તેથી બેમાંથી માત્ર એકની જ ભૂખ મટી શકતી હતી. પરંતુ બન્ને ભૂખ્યા હતા. તેથી બન્નેના મનમાં શિકાર ખાઈ જવાની લાલચ થઈ ચિત્તો કહેવા લાગ્યો - "મેં એકલાએ જ હરણને માર્યું છે, તેથી હું જ હરણને ખાઈશ."

વાઘ બોલ્યો—"હું જંગલનો રાજા છું, માટે હું હરણને ખાઈશ તમે તો દોડી શકો છો, દોડીને બીજો શિકાર પકડો."

આવી રીતે રકઝક કરતાં બન્નેનો ઝઘડો બહુજ વધી ગયો.

તેઓ બન્ને આપસમાં પોતાના દાંત અને પંજાઓ વડે લડવા લાગ્યા અને લોહીલુહાણ થઈ ગયા. આજ સમયે ઝાડીમાં છુપાયેલું એક શિયાળ આ દૃશ્ય બરાબર દેખતું હતું. જ્યારે વાઘ અને ચિત્તાએ એક બીજાને દાંત અને પંજાથી બહુજ ઘાયલ કરી નાખ્યા, અને બન્ને



જમીન પર પટકાઈ પડ્યા ત્યારે લુચ્ચું શિયાળ ઝાડીમાંથી નીકળ્યું. તેણે હરણને ઘસેડીને ઝાડીમાં ખસેડી નાખ્યું, અને ચુપકીદીથી હરણને ખાવા લાગ્યું. વાઘ અથવા ચિત્તો બેમાંથી કોઈ ઊઠી શક્યું નહિ. અને બન્ને દેખતા જ રહી ગયા.

જ્યારે બે વ્યક્તિયો કોઈપણ વસ્તુ માટે લડે છે, ત્યારે બન્નેને નુકસાન થાય છે. અને કોઈક ત્રીજો જ લાભ ઉઠાવે છે. એટલા જ માટે આપસમાં લડવું જોઈએ નહિ. ભલે થોડુંક નુકસાન થાય, તે સહન કરીને પણ આપસમાં સંપથી રહેવું જોઈએ.

❀ ❀ ❀

૩૧. જૂઠું બોલવાનું ફળ

એક ઘેટાં ચરાવતો બાલ,
ખૂબ ખોટી હતી તેની ચાલ.
ઘેટાં ચારવા જંગલ જાતો,
જૂઠી માઠી તે બૂમો પાડતો.
દોડો હે ભાઈ ! વરુ આવ્યું,
તેણે તો મારું ઘેટું ઉઠાવ્યું.
લોકો ત્યાં દોડીને આવે,
તેઓની તે હંસી ઉડાવે.
સાચે જ એક દી વરુ આવ્યું,
સાચું બરાડી તેણે જણાવ્યું.
પણ બધા તેને જૂઠો જાણે,

રહ્યા બેસી આપણા ઠેકાણે.
ઘેટું લઈને ત્યાં વરુ ભાગ્યું,



પસ્તાયું બહુ બાલક અભાગ્યું.
ખોટું સદા બોલે જે બાલ,
લોકો કરે ના તેનો ખ્યાલ.
જૂઠા ખોવે છે સૌનો વિશ્વાસ,
પસ્તાય છોડીને સૌની આશ.

૩૨. કાચબો અને સસલો

તમે સસલું જોયું હશે. સસલાં સફેદ તથા બદામી રંગનાં હોય છે. બીજા રંગોનાં સસલાં પણ જોવામાં આવે છે. કેટલાક લોકો તેને પાળે છે. સસલાને સંસ્કૃત ભાષામાં **"શશક"** કહેવામાં આવે છે. સસલું બહુજ નાનું પ્રાણી હોવા છતાં દોડવામાં બહુજ ફાસ્ટ છે.

એક વખત એક સસલું બહુજ બડાઈ મારતું હતું–"હું બહુજ મોટી ફલંગ ભરીને દોડું છું. મારાથી ફાસ્ટ આ દુનિયામાં બીજું કોઈ પ્રાણી દોડી શકે નહિ."

ત્યાં આગળ એક કાચબો પડ્યો હતો. કાચબાએ કહ્યું– "ભાઈ! તમે બહુજ ફાસ્ટ દોડો છો, તે ઠીક છે, પરંતુ કોઈએ અભિમાન કરવું જોઈએ નહિ. જે કોઈ અભિમાન કરે છે તેને છેવટે શરમાઈને નીચે જોવું પડે છે."

સસલાએ કહ્યું–"હું કંઈ મારી ખોટી બડાઈ મારતો નથી. મારા સાચા ગુણને કહેવામાં શું દોષ છે ? તું તો ધીરે ધીરે પેટ વડે એક કીડાની માફક ચાલે છે, તેથી મારી કાબેલિયત સાંભળીને તારા દિલમાં આગ લાગે છે."

જ્યારે સસલો કાચબાને બહુજ ખીજવવા લાગ્યો તો કાચબાએ કહ્યું–"તમને તમારી ચાલનું બહુ જ અભિમાન છે તો આવો મારી અને તમારી દોડ લગાવીએ. જોઈએ તો કોણ જીતે છે."

સસલાએ બહુજ દૂર દેખાતા એક ઝાડને બતાવીને કહ્યું– "સારી વાત છે, ચાલો, તે ઝાડની પાસે જે પહેલાં પહોંચી જશે, તેની જીત માનવામાં આવશે."

સસલાએ વિચાર્યું કે બિચારો કાચબો ધીરે ધીરે પેટવડે ચાલશે.

તે જ્યારે ઝાડથી માત્ર ચાર હાથ દૂર રહી જાય એટલે હું, અહિંથી દોડું તો પણફલંગો મારીશ અને તેનાથી આગળ નીકળી જઈશ. તેણે કાચબાને કહ્યું–"તમે તો ચાલવામાં બહુજ ઠંડા છો, માટે ધીરે-ધીરેથી



ચાલશો એટલે અત્યારથી જ ચાલવાનું શરૂ કરી દો. હું થોડીક વાર પછી આવું છું."

કાચબો બોલ્યો–"દોડ તો અત્યારથી જ શરૂ થઈ તેમ ગણવામાં આવશે. તમારા મનમાં ઠીક લાગે ત્યારે ચાલવાનું શરૂ કરો."

સસલાએ કાચબાની વાત માની લીધી. કાચબાએ ધીમે ધીમે પેટથી ચાલવાનું શરૂ કરી દીધું.

સસલાએ વિચાર્યું–"કાચબો તો બહુજ વાર પછી ઝાડ પાસે પહોંચશે. ત્યાં સુધી હું થોડોક આરામ કરી લઉં." તે ત્યાં આગળ જ સૂઈ ગયો, અને ઊંઘી ગયો. સસલાને ઊંઘ આવી જવાથી ખબર પણ ન પડી કે તે કેટલા સમય માટે ઊંઘી ગયો. જ્યારે તેની ઊંઘ ઊડી અને દોડતો દોડતો ઝાડ પાસે પહોંચ્યો ત્યારે તેણે જોયું કે કાચબો તો તેનાથી પહેલાં જ પહોંચી ગયો હતો. આથી સસલો શરમાઈ ગયો. સસલાએ સ્વીકાર કર્યો કે અભિમાન કરનારના હાલ બૂરા થાય છે.

ઘમંડી માણસનું માથું નીચું, ઘમંડ અથવા ખોટું અભિમાન કરવાવાળા તથા કામને ટાળનારા લોકો હંમેશાં હારનારા તથા અપમાનિત થાય છે.

સફળતા તથા યશ અને માન માત્ર તેને જ મળે છે કે જે ધીરજથી પોતાના કામમાં લાગ્યા રહે છે.

૩૩. કૂતરાની ભૂલ

એક કૂતરાને પક્ષીઓનાં ઈંડાં ખાઈ જવાની ટેવ પડી ગઈ. તે ખેતરની નીકની પાળ ઉપર તથા નદીના કિનારે ફરતો અને ટીંટોડીનાં ઈંડાંને જોતાંની સાથે જ ખાઈ જતો હતો. નદીના કિનારા ઉપર આવેલી રેતીમાં તે કાચબાના ઈંડાંને શોધ્યા કરતો હતો.

એક દિવસ રેતીમાં પડેલા એક ઘોંઘાને (શેરાને) કુતરાએ દેખ્યો. તેને પણ એક ઈંડું સમજીને કૂતરો એકદમ ખાઈ ગયો. ઘોંઘાની સીપના ટુકડા કૂતરાના પેટમાં પેસી ગયા અને તેના પેટના આંતરડામાં ઘુસીને ચુભવા લાગ્યા. તે બહુજ દર્દ થવાથી તરફડવા માંડ્યો. હવે તે રડતાં રડતાં કહેવા લાગ્યો—"મારાથી બહુજ મોટી ભૂલ થઈ ગઈ. હવે મારી સમજમાં આવ્યું કે બધી ગોળ વસ્તુઓ



ઈંડાં હોતી નથી.”

જે અણસમજુ છોકરાઓ બરાબર જાણ્યા-સમજ્યા વગર કોઈ પણ વસ્તુ મોંઢામાં નાખી દે છે, તેઓને પણ આજ પ્રમાણે કષ્ટ ભોગવવું પડે છે. તેટલા જ માટે જ્યાં સુધી તમને ખબર ન પડે કે કોઈ પણ વસ્તુ ખાવા માટે યોગ્ય છે કે નહિ, ત્યાં સુધી તેને કદાપિ મોંઢામાં નાખવી નહિ.

❀ ❀ ❀

૩૪. સાચાં હરણો

આપણા પુરાણમાં એક બહુજ સુંદર કથા આવે છે. એક જંગલમાં એક તળાવ હતું. તે જંગલનાં જાનવરો તેજ તલાવમાં પાણી પીવા માટે આવતાં હતાં. એક દિવસ એક શિકારી તે તળાવની પાસે આવ્યો. તેણે તળાવના પાણીમાં પોતાના હાથ-પગ ધોયા અને પાણી પીધું. આ શિકારી બહુજ થાકેલો હતો અને કેટલાક દિવસથી ભૂખ્યો હતો. તેણે વિચાર્યું– "જંગલનાં જાનવરો પાણી પીવા માટે આ તળાવની પાસે જરૂર આવશે. અહિંયાં મને સહેલાઈથી શિકાર મળી જશે. તળાવની પાસે એક બીલીના ઝાડ પર ચઢીને તે ચુપચાપ બેસી ગયો."

એવામાં એક હરણી થોડી જ વારમાં તળાવનું પાણી પીવા માટે આવી. શિકારીએ હરણીને મારવા માટે પોતાના ધનુષ્ય પર બાણ ચઢાવ્યું. હરણી શિકારીને બાણ ચઢાવતાં જોઈ ગઈ. હરણીએ શિકારીને કહ્યું–"ભાઈ શિકારી ! હું જાણું છું કે હવે હું ભાગીને તમારા બાણથી બચી શકીશ નહિ, એટલા માટે હું તમારી પાસે દયાની ભીખ માગું છું. મારાં બે નાનાં-નાનાં બચ્ચાં મારી રાહ જોતાં હશે. તમે મને થોડીક વાર માટે રજા આપો. હું તમને વચન આપું છું કે મારાં બચ્ચાંને દૂધ પીવડાવીને અને તેમને મારી સાહેલી હરણીને સહારે સોંપીને તમારી પાસે પરત આવું છું."

આ વાત પર શિકારી હસ્યો. શિકારીને વિશ્વાસ આવ્યો નહિ કે આ હરણી પોતાનો પ્રાણ આપવા માટે તેની પાસે ફરીથી પાછી આવશે. પરંતુ તેણે વિચાર કર્યો–"જ્યારે આ હરણી પોતાનાં બચ્ચાં માટે દયાની ભીખ માગીને આવું કહે છે તો તેને છોડી દેવી જોઈએ. મારા નસીબમાં હશે તો મને બીજો શિકાર મળી જશે. શિકારીએ હરણીને જવા દીધી."

થોડી જ વારમાં ત્યાં આગળ મોટાં શિંગડાંવાળો સુંદર કાળો હરણ પાણી પીવા માટે આવ્યો. હવે જ્યારે શિકારીએ તેને મારવા

માટે પોતાના ધનુષ ઉપર બાણ ચઢાવ્યું, તેને આ હરણે જોઈ લીધું, અને આજીજી સાથે કહેવા લાગ્યો—"ભાઈ શિકારી ! મને મારી હરણી તથા મારાં બચ્ચાંથી અલગ થતાં ઘણી જ વાર લાગી છે મારા વિના તે બધાં ગભરાતાં હશે. હું તેમની પાસે જઈને તેમને મળી લઉં, અને તેમને બરાબર સમજાવીને તમારી પાસે જરર પરત આવીશ. હમણાં મારી પર દયા કરીને મને જવા દો."

આ વાત પર શિકારી બહુજ ખીજાઈ ગયો, કારણ કે તેને બહુજ ભૂખ લાગી હતી. પરંતુ શિકારીએ એવું વિચારીને હરણને જવા દીધો કે જો આજે મારા નસીબમાં ભૂખ્યા જ રહેવાનું લખ્યું હશે તો આજે હું ભૂખ્યો જ રહીશ.

હરણી પોતાનાં બચ્ચાંઓ પાસે ગઈ. તેમને દૂધ પીવડાવ્યું અને વ્હાલ પણ કર્યું. પછી પોતાની સાહેલી હરણીને બધી જ હકીકત કહીને પોતાનાં બચ્ચાં સોંપવાની તૈયારી કરી. એટલામાં ત્યાં આગળ તે હરણ પણ આવી ગયો. તેણે પણ પોતાનાં બચ્ચાંને પ્રેમ કર્યો. આ બચ્ચાં પોતાના માતા-પિતાથી અલગ થવા માટે અથવા તેમના વિના જીવવા માટે તૈયાર ન થયાં. છેવટે તેમની હઠને તાબે થઈને હરણ અને હરણીએ પોતાનાં બચ્ચાંને પણ પોતાની સાથે લઈ લીધાં.

તળાવની પાસે આવીને હવે હરણે શિકારીને કહ્યું—"ભાઈ શિકારી ! હવે અમે આવી ગયાં છીએ. હવે તમે તમારા બાણોથી અમારો શિકાર કરીને અમારા માંસથી તમારી ભૂખને મટાડો—ભૂખને શાંત કરો."

હરણ અને હરણીની આવી સાચાઈ જોઈને શિકારીને બહુજ આશ્ચર્ય થયું. તે ઝાડ પરથી નીચે ઉતરી આવ્યો અને બોલ્યો "જુઓ ! આ હરણો પશુ હોવા છતાં પણ પોતાની વાત પર કેટલાં સાચાં છે. આ હરણો પોતાના પ્રાણનો મોહ છોડીને પણ સત્યની રક્ષા માટે મારી પાસે પાછાં આવ્યાં છે. હું એક મનુષ્ય થઈને પણ કેટલો નીચને પાપી છું કે મારું પેટ ભરવા માટે તથા ચાર પૈસા કમાવવા માટે નિર્દોષ પશુઓની હત્યા કરું છું. હવેથી હું કોઈ પણ

જાનવરનો શિકાર કરીને મારી નાખીશ નહિ.''

આ વાત પર શિકારીએ પોતાનું ધનુષ્ય તોડીને ફેંકી દીધું. તેજ વખતે ત્યાં આગળ સ્વર્ગથી એક વિમાન ઉતરીને નીચે આવ્યું. તે વિમાન લાવનાર દેવદૂતે કહ્યું—''શિકારી ! આ હરણો સત્યનું રક્ષણ કરીને નિષ્પાપ થઈ ગયાં છે તેથી તેઓ હવે સ્વર્ગમાં જશે. તમે પણ આજે આ જીવાત્માઓ પર દયા કરી છે, તેથી તમે પણ તેમની સાથે પુણ્યશાળી બન્યા છો માટે તમે પણ તેમની સાથે જ સ્વર્ગમાં ચાલો.''

હરણ-હરણી અને તેમનાં બન્ને બચ્ચાંઓનાં સ્વરૂપ દેવતાની સમાન થઈ ગયાં. તે શિકારી પણ દેવતા બની ગયો. સત્ય અને દયાના પ્રભાવથી તેઓ બધાં જ વિમાનમાં બેસીને સ્વર્ગમાં ગયાં. વ્હાલાં બાળકો—તમે આ વાર્તામાં સત્ય અને દયાનો પ્રભાવ સાંભળ્યો.

दया धर्म का मूल है, पाप मूल अभिमान;
तुलसी ! दया न छोडीअे, जब लग घटमें प्रान.

૩૫. બીજા પર આધાર ન રાખો

એક ખેડૂતની પાસે એક ગાય હતી, અને એક ઘોડો હતો. તેઓ બન્ને એક સાથે જ જંગલમાં ચરવા જતાં હતાં. આ ખેડૂતની પાસે એક ધોબી રહેતો હતો. ધોબીની પાસે એક ગધેડો અને એક બકરી હતી. ધોબી પણ તેમને તે જંગલમાં ચરવા માટે મોકલતો હતો. એકી સાથે ચરવાથી આ ચાર જાનવરોમાં મિત્રતા થઈ ગઈ. તેઓ બધાં એક જ સાથે જંગલમાં ચરવા જતાં અને સાંજ પડે જંગલમાંથી બધાં જ સાથે પાછાં આવતાં હતાં.

તે જંગલમાં એક સસલું પણ રહેતું હતું. આ સસલાએ આ ચારે પશુઓની સરસ મિત્રતા જોઈને વિચાર્યું કે—"મારી પણ આ બધાં ચારે જાનવરોની સાથે મિત્રતા થઈ જાય તો બહુ જ સારું થાય. આવડા મોટા પશુઓની સાથે મિત્રતા થવાથી કોઈ પણ કૂતરો મને હેરાન કરી શકશે નહિ."

આવું વિચારીને સસલું આ ચારે પશુઓની પાસે વારંવાર આવવા લાગ્યું. તે તેમની સામે ઉછળતું, કૂદકા મારતું અને તેમની સાથે જ ચરતું હતું. ધીરે ધીરે આ ચારે જાનવરો સાથે સસલાની મિત્રતા થઈ ગઈ. હવે સસલું બહુજ ખુશ હતું. તેણે એવું સમજી લીધું કે હવે કૂતરાઓનો ભય દૂર થઈ ગયો છે.

એક દિવસ એક કૂતરો તે જંગલમાં આવ્યો અને સસલાની પાછળ દોડ્યો. સસલું ત્યાંથી ભાગીને ગાયની પાસે ગયું અને કહ્યું—"ગાય માતા ! આ કૂતરો બહુજ દુષ્ટ છે. તે મને મારી નાખવા માટે આવ્યો છે. તમે તેને શિંગડાંથી મારો."

ગાયે કહ્યું—"ભાઈ સસલા ! તમે બહુજ મોડા આવ્યા છો. મારે ઘરે પાછા ફરવાનો સમય થઈ ગયો છે. મારો વાછરડો

ભૂખ્યો હશે અને વારંવાર મને પોકારતો હશે. મારે ઘરે જવાની ઉતાવળ છે. તમે ઘોડાની પાસે જાઓ."

સસલું દોડતું દોડતું ઘોડાની પાસે ગયું અને બોલ્યું–"ભાઈ ઘોડા ! હું તમારો મિત્ર છું. આપણે બન્ને અહીંયાં સાથે જ ચરીએ છીએ. આજે આ દુષ્ટ કૂતરો મારી પાછળ પડ્યો છે. તમે મને પીઠપર બેસાડીને અહીંથી દૂર લઈ જાઓ."

ઘોડાએ કહ્યું–"તમારી વાત તો ઠીક છે. પરંતુ મને નીચે બેસતાં આવડતું નથી. હું તો ઊભો ઊભો જ સૂઈ જાઉં છું. તમે મારી પીઠ પર કેવી રીતે બેસશો ? આજકાલ મારા પગની ખરીઓ બહુજ મોટી થઈ ગઈ છે. જેથી નથી હું ઝડપથી દોડી શકતો, તથા નથી કોઈને મારા પંગથી ફટકારી શકતો."

ઘોડાની પાસેથી નિરાશ થઈને સસલું ગધેડા પાસે ગયું. તેણે ગધેડાને કહ્યું–"મિત્ર-ગર્દભ ભાઈ ! તમે આ પાજી કૂતરાને એક લાત મારીને ભગાડી દો, જેથી મારા પ્રાણ બચી જાય."

ગધેડો બોલ્યો–"હું હંમેશાં ગાય અને ઘોડાની સાથે પાછો જાઉં છું. તેઓ બન્ને ચરીને પાછા જઈ રહ્યા છે. જો હું તેમની સાથે ન જાઉં અને પાછળ રહી જાઉં, તો મારો માલિક ધોબી દંડો લઈને દોડતો આવશે અને મારી બરાબર ધોલાઈ કરીને મારું કચુંબર કરી નાખશે. હવે હું અહીંયાં રોકાઈ શકું નહિ."

છેવટે સસલું બકરી પાસે ગયું. બકરીએ સસલાને જોતાંની સાથે કહ્યું–"સસલા ભાઈ ! મહેરબાની કરીને મારી પાસે આવશો નહિ. તમારી પાછળ કૂતરો ઝડપથી દોડતો આવે છે. હું પણ કૂતરાથી ડરું છું."

આવી રીતે બધાં જ ચારે પશુઓ પાસેથી નિરાશ થઈને સસલું

ત્યાંથી એકદમ ભાગ્યું અને ભાગતાં ભાગતાં એક ઝાડીમાં જઈને છુપાઈ ગયું. જ્યારે કૂતરો તેને શોધી શક્યો નહિ અને પાછો ફરી ગયો ત્યારે સસલું ઝાડીમાંથી બહાર નીકળ્યું. તેણે ચારે બાજુ જોયું કે હવે બિલકુલ ભય નથી અને તેથી તેણે રાહતનો દમ લીધો, પછી તેણે કહ્યું—"બીજા પર આધાર રાખવો નહિ—માણસે પોતાની સહાય પોતાની મેળે જ કરવી જોઈએ."

❀ ❀ ❀

૩૬. મિથ્યા અભિમાનનું પરિણામ

દરિયા-કિનારે આવેલા કોઈ એક નગરમાં એક ધનવાન વેપારી (વાણિયો)ના પુત્રોએ એક કાગડો પાળ્યો હતો. તેઓ તે કાગડાને નિયમિત પોતાના ખોરાકમાંથી બચેલું અન્ન આપતા હતા. તેઓનો એઠવાડ ખાનાર તે કાગડો સ્વાદિષ્ટ તેમજ પોષક અનાજ ખાઈને ખૂબ તગડો બની ગયો હતો. તેથી તે કાગડાનો અહંકાર બહુ વધી ગયો. કાગડાની જાત હોઈને તે પોતાનાથી શ્રેષ્ઠ પક્ષીઓને પણ બહુજ હલકાં સમજીને તેનું અપમાન કરવા લાગ્યો.

એક દિવસ સમુદ્રતટ પર ક્યાંકથી ઉડતા આવીને કેટલાક હંસ નીચે ઉતર્યા. વેપારીના પુત્રો તે હંસોની પ્રશંસા કરતા હતા, જે વાતને આ કાગડો સહન કરી શક્યો નહિ. તેથીતે હંસોની પાસે ગયો અને એમાંથી જે સર્વથી ઉત્તમ હંસ માલૂમ પડ્યો તે હંસને કાગડાએ કહ્યું—"હું તમારી સાથે હરીફાઈમાં ઉડવા માગું છું."

હંસોએ આ કાગડાને બહુજ સમજાવ્યો—"અરે ભાઈ ! અમે તો બહુજ દૂર દૂર ઉડનાર પક્ષીઓ છીએ. અમારો નિવાસ જે માનસરોવર છે તે અહીંથી ઘણો જ દૂર છે. અમારી સાથે હરીફાઈ કરવાથી તમને શો લાભ થશે ? તમે હંસોની સાથે કેવી રીતે ઊડી શકશો ?"

કાગડાએ ગર્વમાં આવી જઈને કહ્યું—"હું ઉડવાની સો કળાઓ જાણું છું, અને તેમાંની એક એક કલાથી એક સો યોજન સુધી ઊડી શકું છું." ઉડ્ડીન (ઊંચે ઉડવું) અવડીન (નીચે ઉડવું) પ્રડીન (વધારે ગતિથી ઉડવું) ડીન (સીધી ગતિથી ઉડવું) આવી અનેક ઉડવાની કલાઓનાં નામ ગણાવીને ખોટો બકવાસ કરવા લાગ્યો—"બતાવો આમાંથી તમે કઈ કલાથી ઉડવા માગો છો ?"

ત્યારે શ્રેષ્ઠ હંસે કહ્યું—"કાગડા ભાઈ ! તમે તો બહુ જ

હોશિયાર લાગો છો. પરંતુ હું તો માત્ર એક જ ઉડવાની ગતિ જાણું છું, જે ગતિને બધાં જ પક્ષીઓ જાણે છે. હું તો તે ગતિથી ઉડીશ.''

અભિમાની કાગડાનું અભિમાન હવે તો વધારે વધી ગયું– તે બોલ્યો–''સારી વાત છે, તમને જે ગતિ આવડતી હોય તેનાથી ઉડો.''

તે વખતે ત્યાં આગળ કેટલાંક વધારે પક્ષીઓ આવી ગયાં હતાં. તેમની સામે જ હંસ અને કાગડો બન્ને સમુદ્રની તરફ દોડ્યા.

સમુદ્રની ઉપર તે કાગડો જુદી જુદી જાતની કલા-કૌવતો દેખાડતો પૂરા જોસથી ઉડવા લાગ્યો, અને હંસથી કેટલેક દૂર આગળ નીકળી ગયો. હંસ પોતાની સ્વભાવગત ગતિથી ઊડી રહ્યો હતો. આ જોઈને બીજા કાગડાઓ પોતાની ખુશી પ્રગટ કરવા લાગ્યા.

થોડીક વારમાં જ કાગડાની પાંખો થાકવા લાગી. તે વિસામો ખાવા માટે અહીંયાં-તહીંયાં ઝાડવાળા બેટની શોધ કરવા લાગ્યો. પરંતુ કાગડાને તે અનન્ત-અગાધ-અપાર સાગરના પાણી સિવાય બીજું કંઈ જ દેખાતું ન હતું. એટલા સમયમાં હંસ ઉડતો ઉડતો

કાગડાથી આગળ નીકળી ગયો. કાગડાની ગતિ મંદ થઈ ગઈ તે શેખી કાગડો બહુ જ થાકી ગયો, અને ઊંચાં મોજાં ઉછાળતા ભયંકર જીવોથી ભરપૂર સમુદ્રની લહેરોની ઉપર નીચે પડી જવાની સ્થિતિમાં પહોંચી ગયો.

હંસે જરાક પાછળ ફરીને જોયું કે કાગડો બહુજ પાછળ રહી ગયો છે, તેથી તે રોકાઈ ગયો અને હંસે કાગડાની પાસે આવીને પૂછયું—"કાગડા ભાઈ ! હું દેખું છું કે હવે વારંવાર તમારી ચાંચ અને પાંખો પાણીમાં ડૂબવા લાગી છે. આ તમારી કઈ ચાલ છે ?"

હંસની આવી પોતાને ઉતારી પાડતી વાત સાંભળીને કાગડો બહુજ રાંક થઈ ને બોલ્યો—"હંસ ભાઈ ! અમે કગડાઓ તો માત્ર કાંવ-કાંવ કરવાનું જાણીએ છીએ. ભલા ભાઈ, અમે બહુજ દૂર સુધી કેવી રીતે ઊડી શકીએ ! મને મારી મૂર્ખતાની શિક્ષા મળી ગઈ. કૃપા કરીને હવે મારો પ્રાણ બચાવો."

પાણીથી ભીંજાયેલા, બેભાન અને અધમૂઆ કાગડા પર હંસને બહુજ દયા આવી ગઈ. હંસે પોતાના લાંબા પગ વડે તે ડૂબતા કાગડાને ઉઠાવીને પોતાની પીઠ પર રાખી લીધો, અને તેને પોતાની પીઠ પર બેસાડીને જે સ્થાનેથી બન્ને ઉડ્યા હતા તે સ્થાન પર હંસ લઈ આવ્યો. હંસે આ રીતે કાગડાને તેના સ્થાન પર છોડી દીધો. હંસે કાગડાને સલાહ આપી કે કદાપિ ખોટી બડાઈ મારવી નહિ.